# વધામણીની વાતો



- સુરેન્દ્ર આસ્થાવાદી

(૫૨)
HBGV2

# વધામણીની વાત

## (અને બાઈબલ આધારિત બીજી વાતો)

સુરેન્દ્ર આસ્થાવાદી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

◆ વધામણીની વાત
(અને બાઈબલ આધારિત બીજી વાતો)

◆ લેખક :
સુરેન્દ્ર દાઉદભાઈ આસ્થાવાદી

◆ © સર્વાધિકાર લેખકને સ્વાધીન

◆ પહેલી આવૃત્તિ :
જાન્યુઆરી ૧૯૯૯

◆ નકલ : ૧૧૦૦

◆ મૂલ્ય : રૂ. ૧૦.૦૦

◆ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

◆ મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ
એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, ખોખરા,
અમદાવાદ-૮ - ફોન : ૨૧૬૨૪૪૧

# લેખકનું નિવેદન

'વધામણીની વાત (અને બાઈબલ આધારિત બીજી વાતો)'નું આ પુસ્તક પ્રકાશિત થવાને લીધે મને થયેલા આનંદની અનુભૂતિ હું વ્યક્ત કરું છું.

આ પુસ્તકના તમામ પ્રસંગોનું આલેખન બાઈબલને આધારે કરવામાં આવેલું છે.

બાઈબલમાં વર્ણવેલા પ્રસંગો હૃદયને સ્પર્શી જાય એવા છે. એમાંથી પસંદ કરીને ચૌદ પ્રસંગો વિષે આ પુસ્તકમાં વાર્તા સ્વરૂપે નિરૂપણ કરેલું છે.

નવલિકા જેવી આ નાનકડી વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓ આ અગાઉ ખ્રિસ્તીબંધુમાં પ્રસિદ્ધ થયેલી છે. એને પ્રસિદ્ધ કરવા બદલ તંત્રી શ્રી આલ્બર્ટ ભાભોર અને એમના પૂરોગામી તંત્રી શ્રીમતી જયવંતીબહેન ચૌહાન પ્રત્યે આભારી ભાવ દર્શાવું છું.

છૂટક છૂટક રીતે પ્રસિદ્ધ થયેલી એ વાર્તાઓ અત્રે ગ્રંથસ્થ કરવામાં આવેલી છે. એમાંની "વધામણીની વાત" ચાર કુષ્ટ રોગીઓએ સમરૂનના રાજવીને તથા નગરજનોને સંભળાવેલી છે. આ વાર્તામાં કુષ્ટરોગીઓએ નગરજનો મુક્ત થાય એવો વધામણીનો સંદેશો આપેલો છે. એ પ્રસંગ મને વિશેષ પસંદ છે. એટલે આ વાર્તાસંગ્રહને "વધામણીની વાત (અને બાઈબલ આધારિત બીજી વાતો)" એવું શીર્ષક આપવામાં આવેલું છે. વળી બાઈબલની વાર્તાઓ વાસ્તવિક અર્થમાં વધામણીની વાતો જ છે. એ અર્થ પણ આ શીર્ષક પસંદ કરવા પાછળ રહેલો છે.

મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં આ પુસ્તકના પ્રકાશનનો ક્રમ બારમો છે. અગાઉનાં અગિયાર પુસ્તકો ગુજરાતની મંડળી અને ખ્રિસ્તી સહિત અન્ય જનતાએ સ્વીકારેલાં છે. તેને આવકાર આપનારા સુજ્ઞ વાચકો અને પ્રશંસકો પ્રત્યે મારા હૃદયમાં અહોભાવ

ઉદ્‌ભવે છે. આથી મંડળી, સમાજ, વાચકો અને પ્રશંસકશ્રીઓનો હું આભાર માનું છું.


ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટી તરફથી આ મારું ચોથું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. સોસાયટીના સેક્રેટરી પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણે એને પ્રકાશિત કરવામાં ઊંડી દિલચશ્પી દર્શાવેલી છે. તેમણે મને સાહિત્યિક ઉત્તેજન આપેલું છે. અને આ પુસ્તકની પ્રસ્તાવના લખેલી છે. એની નોંધ લેતાં કૃતકૃત્યતા અનુભવું છું. અગાઉના સેક્રેટરી શ્રી ઈમાનુએલ ક્રિસ્ટીએ આ પુસ્તકના પ્રકાશન પરત્વે રસ દર્શાવેલો છે. એની કદર કરતાં ટ્રાક્ટ સોસાયટીનો, પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો તથા શ્રી ઈમાનુએલ ક્રિસ્ટીનો હું આભારી છું.

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં મારું આ પુસ્તક આવકાર પામે અને સાહિત્યપ્રેમીઓ ઉદારતાપૂર્વક એનો સ્વીકાર કરે એવી અપેક્ષા રાખું છું.

પ્રભુએ સાહિત્ય સર્જન માટે મને કલમ આપી છે. એના અનુસંધાને ઉદ્‌ભવતા વિચારો અભિવ્યક્ત કરવા માટે શબ્દો આપ્યા છે. તદુપરાંત સાહિત્યક્ષેત્રમાં વૃદ્ધિ પામવા માટે મને સહાય કરી છે. તેથી નમ્રભાવે હૃદયના ઊંડાણથી પ્રભુનો આભાર માનું છું. એ આભારીભાવ પૂરતા પ્રમાણમાં પ્રદર્શિત કરવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી એનો એકરાર કરું છું.

પુસ્તકમાં કોઈ ક્ષતિઓ રહી ગયેલી હોય એ સ્વાભાવિક છે. એને ઉદારતાપૂર્વક નભાવી લેવા માટે સુજ્ઞ વાચક મિત્રોને વિનંતી સાથે આ નિવેદન સમાપ્ત કરું છું.

તા. ૨૭-૧-૯૯ | સુરેન્દ્ર આસ્થાવાદી
નડિયાદ



આ વાર્તાઓના પ્રકાશન માટે
શ્રી રવિકાન્ત કાન્ત સાહેબના
પિતાશ્રી સ્વ. વિકટરભાઈ મેથોડિસ્ટ સાહેબે
રૂા. ૫૦૦૦/-નું ઉદાર દાન આપ્યું હતું,
જેની આભારી હૃદયે નોંધ લેતાં
આનંદ થાય છે.

# અભિનંદન અને આવકાર

આપણા લબ્ધપ્રતિષ્ઠ લેખક શ્રી સુરેન્દ્ર આસ્થાવાદી આમ તો કવિ તરીકે વધુ જાણીતા છે, પરંતુ તે એક ખૂબ સારા વાર્તાકાર અને કથાલેખક છે તે તેમનાં જુદાં જુદાં પુસ્તકોએ સારી રીતે બતાવી દીધું છે.

બાઇબલના જુદા જુદા પ્રસંગોમાં જે વાર્તાતત્ત્વ-કથાતત્ત્વ કે નાટયતત્ત્વ પડેલું હોય તે તેમની કલ્પનાશીલ આંખો અને હૃદય તાત્કાલિક પકડી પાડે છે. અને સુંદર શબ્દોમાં તેને કથા કે નવલિકાનું સુરમ્ય સ્વરૂપ આપે છે. વાર્તાઓમાં કવિનું કાવ્યહૃદય પણ ઘણે સ્થળે છલકાતું દેખાય છે.

આ વાર્તાઓના પ્રકાશન માટે શ્રી રવિકાન્ત કાન્ત સાહેબના પિતાશ્રી સ્વ. વિકટરભાઈ મેથોડિસ્ટ સાહેબે રૂ. ૫૦૦૦/-નું ઉદાર દાન આપ્યું હતું, જેની આભારી હૃદયે નોંધ લેતાં આનંદ થાય છે.

ફરીવાર લેખક શ્રી આસ્થાવાદીને હાર્દિક અભિનંદન ! બધી જ વાર્તાઓ વાચનક્ષમ અને આકર્ષક બની છે. ધન્યવાદ !

ભગવતપ્રસાદ ચૌહાણ
(સેક્રેટરી)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | રોટી, કપડાં અને મકાન | ૧ |
| ૨. | ઈસહાકની આધીનતા | ૫ |
| ૩. | નવો બનેલો નામાન | ૯ |
| ૪. | વધામણીની વાત | ૧૫ |
| ૫. | ભભકતી ભઠ્ઠીમાં ભક્તિ | ૨૦ |
| ૬. | ઊંઘમાંથી ઊઠેલો યોના | ૨૫ |
| ૭. | ગુપ્ત જ્ઞાન | ૨૯ |
| ૮. | ...એ પહેલો પંથ્થર મારે | ૩૪ |
| ૯. | ઊમરડાની ડાળીએ | ૩૯ |
| ૧૦. | ગૃહાગમન | ૪૩ |
| ૧૧. | પિતરનું તેડું | ૪૮ |
| ૧૨. | પથ્થરમારો | ૫૨ |
| ૧૩. | નવા પગનું નૃત્ય | ૫૬ |
| ૧૪. | અડધી રાતે આરાધના | ૬૧ |

# ૧ રોટી, કપડાં અને મકાન

*(ઉત્પત્તિ ૩ યોહાન ૬:૪૮-૫૧, ૧૪:૨, માથ્થી ૬:૨૮-૩૧)*

રોટી, કપડાં અને મકાન. ચાલો એદનવાડીમાં જોઈએ. પરમેશ્વરે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યું. ત્યાર પછી તેમણે ભીંજાયેલી ભૂમિની માટી લીધી. તેમાંથી તેમણે સજીવ વિભૂતિનું સર્જન કર્યું. આ વિભૂતિ એ જ આપણા પૂર્વજ બાવા આદમ હતા. એદનવાડીમાં એમનો વસવાટ હતો. એ વાડીની વચ્ચે જીવનનું વૃક્ષ હતું. એદનને રસાળી રાખવા માટે પીશોન, ગીહોન, હીદ્દેકેલ અને ફ્રાત નામના ચાર ફાંટાવાળી નદી બનાવેલી હતી. તે નિર્મળ જળ લઈને વહ્યા કરતી હતી. ભલુંભૂંડું જાણવાના વૃક્ષનાં ફળ સિવાય વાડીનાં તમામ વૃક્ષોનાં ફળ ખાવાની પ્રભુએ તેમને છૂટ આપી હતી.

ત્યાં પરમેશ્વરનાં વેણ એ જ આહાર એટલે કે રોટી, પ્રકાશ એ જ પોષાક એટલે કે કપડાં અને સમગ્ર એદન પ્રદેશ એ જ વસવાટ એટલે કે મકાન હતાં.

પરમેશ્વરને લાગ્યું કે આવા સુરમ્ય સ્થળે નાયક આદમ એકલા જ રહે તે બરાબર નથી. તેથી આદમના અંગમાંથી એક પાંસળી તેમણે લીધી. તેમાંથી તેમણે નાયિકાનું સૃજન કર્યું. આ નાયિકા એ જ માનવજાતનાં આદિ માતા હવા. પછી તો આ નાયક અને નાયિકા એટલે કે પુરુષ આદમ અને સ્ત્રી હવાની જોડીએ એદનમાં ઉલ્લાસ ભરી દીધો. અહીં કશી જ અછત ન હતી. અહીં રોટી,

કપડાં અને મકાનની કશી જ ચિંતા ન હતી.

પૃથ્વીના પગથારે પ્રભુએ તેમનું સર્જન કર્યું હતું. એ જ વેળાના પોષાકમાં આદમ અને હવા એદનમાં મુક્ત પરિભ્રમણ કરતાં હતાં. ત્યાં ક્ષોભ કે સંકોચ ન હતાં. વસ્ત્રવિહોણી અવસ્થામાં નિર્દોષતાની પરિસીમા દષ્ટિગોચર થતી હતી. પાપની રજમાત્રા ન હતી.

ત્યાં પૃથ્વીના પથ્થરે પથ્થર પરમેશ્વરનાં ગીત ગાતા હતા. વૃક્ષ અને વેલાઓની શાખાઓ ઝૂમીઝૂમીને સર્જનહારની સ્તુતિ કરતી હતી.આવા આહ્‌લાદક વાતાવરણમાં માનવદંપતી આદમહવા પ્રભુના આશ્રયે વસતાં હતાં. તેઓ શાંતિ અને સંતોષથી દિવસો નિર્ગમન કરવામાં કૃતકૃત્યતા અનુભવતાં હતાં.

એક દિવસ ફરતાં ફરતાં હવા વાડીની વચ્ચે આવ્યાં. ત્યાં તેઓ પેલા ભલુંભૂંડું જાણવાના વૃક્ષ આગળ ઊભાં રહ્યાં. તેની શાખાઓ પર લટકી રહેલાં નયનગમ્ય ફળ તેમના જોવામાં આવ્યાં. તે જોઈને તેમની જીભ સળવળી ઊઠી. તેમની પાછળ ને પાછળ પરમેશ્વરનો પ્રતિદ્વન્દ્વી ખલનાયક શેતાન આવ્યો હતો. તે હવાને ભોળવવાની પેરવી કરવા લાગ્યો હતો. હવાને ફસાવવાનો પાસો નાખતાં એણે ખૂબ જ મીઠાશ બતાવતાં કહ્યું કે, ‘જુઓ તો ખરાં હવાબહેન, આ ફળ કેવાં સુંદર છે !’

‘એના સ્પર્શની પ્રભુએ મનાઈ કરેલી છે. ખાવાની પણ ના પાડેલી છે’ હવાએ પ્રત્યુત્તર આપ્યો.

‘સ્પર્શ તો કરી જુઓ. એનાથી શું થઈ જવાનું છે ? કેવાં ઘાટીલાં ફળ છે ! સ્વાદમાં પણ પૂરાં છે.’

મના કરાયેલું ફળ અનાયાસે હવાના હાથને સ્પર્શી ગયું. એ સ્પર્શને લીધે બીજી જ પળે હવા ધ્રૂજી ઊઠયાં. વાડીમાં વહેતો પવન અટકી ગયો. વૃક્ષ અને વેલાઓની પેલી ઝૂમતી શાખાઓ શરમિંદી

થઈને સ્થિર બની ગઈ.

'આ સોહામણું ફળ ચાખી તો જુઓ.' શેતાને કહ્યું.

'એક વખત કહ્યું ને. પ્રભુ બાપે આ ફળ ખાવાની અમને મનાઈ ફરમાવેલી છે.' હવાએ સામનો કર્યો.

'નહીં, એમ નહીં. આ ફળનો રસ તમારા અંગમાં ભળશે ત્યારે તમારાં અંતરચક્ષુ ઊઘડી જશે. તમને સ્વર્ગીય ઓડકાર આવશે. તમે તૃપ્તિ અનુભવશો. તમે અમરપણું પામશો. દેખાવે સુંદર અને જ્ઞાન આપવામાં ઇચ્છવાજોગ એવા આ વૃક્ષનાં ફળ ખાવાલાયક છે. એને ખાવાથી તમે ઈશ્વરની માફક સારું નરસું સમજવાની શક્તિ પ્રાપ્ત કરી શકશો.'

શેતાનની આ મીઠી મીઠી વાણી સાંભળીને હવાની મક્કમતા ઓસરી ગઈ. આખરે તે ભોળવાઈ ગયાં. તેમણે ફળ તોડયું અને ખાધું. એટલું ઓછું હોય એમ તેમના સહધર્મચારી આદમને પણ ખવડાવ્યું. ફળ ખાવાને પરિણામે ઈશ્વરી આદેશનો અનાદર થયો. આદમ અને હવાને માટે એદનનાં દ્વાર બંધ થઈ ગયાં. તેમને માટે એદનનો રળિયામણો આવાસ તજવાની સ્થિતિ ઊભી થઈ.

પરમેશ્વરની આજ્ઞા અને તેમનાં વચનો માણસના જીવનને ચલાવવા અને નિભાવવા માટે સમર્થ હતાં. પરંતુ એનો ભંગ થયો. તેથી દૈહિક રોટીની જરૂરિયાત ઊભી થઈ.

આજ્ઞાભંગને કારણે પરમેશ્વરનું સાન્નિધ્ય ગુમાવી દેવાનું થયું. અને શરીરને ઢાંકતો, પરમેશ્વરનો પવિત્ર પ્રકાશ દૂર થયો. તેથી શરીરના આચ્છાદાન માટે કપડાંની આવશ્યકતા ઊભી થઈ.

આદમ હવાને એદન જેવા સ્વર્ગીય સોહામણા આવાસમાંથી નીકળી જવું પડયું. તેથી એદનની બહારના પ્રદેશમાં તેમને માટે ભૌતિક મકાનની જરૂરિયાત આવી પડી.

પાપને પરિણામે હવે માણસના હાથમાંથી અસલ રોટી, કપડાં અને મકાન જતાં રહ્યાં. એ બધાં વાનાં પુનઃ પ્રાપ્ત કરવા માટે આદમ હવાનાં સંતાનો મથામણ કરવા લાગ્યાં. તેમણે શેતાન સામે યુધ્ધ આદર્યું.

ફરી પાછી પરમેશ્વરે માણસો પર કરુણા કરી. મનુષ્યને સ્વર્ગ રૂપી એદન બાગમાં પુનઃ પ્રવેશવાનું મળે તે માટે ઈસુના રૂપમાં પ્રભુ પોતે દેહધારી થઈને આવ્યા. તેમણે શેતાનને વશ કર્યો. એદનબાગનાં દ્વાર ઉઘાડયાં. તેમ જ માણસોને માટે નવેસરથી રોટી, કપડાં અને મકાન તૈયાર કર્યાં.

પ્રભુ ઈસુએ ખાતરી આપીને કહ્યું કે,

'જીવનની રોટલી હું છું. જે મારી પાસે આવે છે તેને ભૂખ નહીં લાગશે.'

'કપડાં સંબંધી તમે શા માટે ચિંતા કરો છો ?'

'મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે.'

એ ઉઘાડેલા દ્વારમાં થઈને આદમહવાનાં અસંખ્ય સંતાનો સ્વર્ગીય ભૂમિમાં પુનઃ પ્રવેશ પામી રહ્યાં છે. તેઓ રોટી, કપડાં અને મકાન માટેની મથામણમાંથી મુક્ત થઈ ગયાં છે. પ્રભુએ માનવમાત્રને માટે આત્મિક તથા દૈહિક રોટી, કપડાં અને મકાનની વ્યવસ્થા કરેલી છે. વિશ્વાસ અને આજ્ઞાપાલન દ્વારા દરેક વ્યક્તિ કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર એ વ્યવસ્થાના ભાગીદાર થઈ શકે છે.

આજે પણ એ પ્રવેશ ચાલુ છે.

†

# ૨ ઈસહાકની આધીનતા

(ઉત્પત્તિ ૨૨)

પિતા અને પુત્રની આ વાત છે. પિતાનું નામ અબ્રાહામ અને પુત્રનું નામ ઈસહાક હતું. ઈસહાક એના પિતાના ઘડપણનો લાલ હતો. તે ખૂબ જ લાડકવાયો હતો. પિતા એને જોતા અને ખુશ ખુશ થઈ જતા હતા. રૂપાળો ઈસહાક પણ પિતા પ્રત્યે પૂરેપૂરી આધીનતા અને વિવેકી ભાવ દર્શાવતો હતો. એની માતાનું નામ સારાહ હતું. પાકટ ઉંમરે ઈશ્વરે આ દંપતીને પુત્રદાન આપ્યું હતું. તેઓ કનાન દેશમાં રહેતાં હતાં.

અબ્રાહામ ઈશ્વરનો ભક્ત અને મિત્ર હતો. એક દિવસ પારખું કરતાં ઈશ્વરે તેને કહ્યું કે 'અબ્રાહામ, ઈસહાક તારો એકનોએક લાડકવાયો દીકરો છે. ખરું ને ?'

અબ્રાહામે જવાબ આપ્યો, 'હા, પ્રભુ. એ તો તમારા તરફથી મને મળેલું મહાદાન છે. નવાણુમા વરસે તમે મને આપેલો એ મારા ઘડપણનો લાલ છે. પછી વહાલ તો રાખું જ ને ?'

ઈશ્વરે તેને કહ્યું કે 'તારી એ વાત તો ખરી છે. પણ હવે આટલું કર. તારા દીકરા ઈસહાકને લઈને તું મોરિયા દેશમાં જા. ત્યાં જે પર્વતો હું તને બતાવું તેમાંથી એક પર્વત પર તારે તેનું બલિદાન દઈ દેવાનું છે. એ મારો આદેશ છે.'

ઈશ્વરની એ વાત સાંભળીને અબ્રાહામને અચંબો ઊપજ્યો. તેને થયું કે 'આ તે કેવું ! બલિદાન ! અર્પણ ! અને તે ય વળી દીકરાનું ! એકના એક દીકરાનું, અર્પણ કેવી રીતે કરાય ? તેને

કેવી રીતે વધેરાય ?' પરંતુ તેણે હૃદયને મજબૂત બનાવ્યું. એણે નક્કી કર્યું કે આ તો ઈશ્વરનો આદેશ છે. એના પર વિચારો કરવાના ના હોય. એનું પાલન કરવાનું હોય. ઈશ્વર પોતે જ એને માગે છે ને ?

બીજે દિવસે સવારે અબ્રાહામે પોતાના નાનકડા દીકરા ઈસહાકને સ્નાન કરાવ્યું. તેને સુંદર પોષાક પહેરાવ્યો. તેના પગમાં મોજડીઓ પહેરાવી અને તેને માથે તેલ ચોળ્યું. તેના અંગે અત્તર લગાવ્યું. પછી પ્રાર્થના કરીને ગધેડા પર જીન બાંધ્યું. તેના પર લાકડાં ગોઠવ્યાં. અગ્નિ લીધો અને દીકરાને સમર્પિત કરી દેવા માટે ધારદાર છરો પણ સાથે રાખ્યો.

પિતા અબ્રાહામ અને તેનો નિખાલસ રૂપાળો દીકરો ઈસહાક મોરિયા પહાડ પર જવા નીકળ્યા. રસ્તે પહાડની ઝાડીમાં ફૂલો હસતાં હતાં. લીલાંછમ પાંદડાં ચમકતાં હતાં. પંખીડાં કલરવ કરતાં હતાં અને સૂરજ પોતાનાં સોનેરી કિરણો વેરી રહ્યો હતો. એ બધાં જાણે પ્રભુની સ્તુતિ કરી રહ્યા હતાં ! આવા આહ્‌લાદક વાતાવરણમાં પિતાપુત્ર આગળ ચાલ્યે જતા હતા.

એટલામાં ઈસહાકનું ધ્યાન ઝાડી તરફ ગયું. ત્યાં એક ઘેટો તેના જોવામાં આવ્યો. એને જોઈને તેને યાદ આવ્યું કે અર્પણ માટે તો ઘેટો જરૂરી છે. એને લાવવાનું તો પિતાજી ભૂલી ગયા છે. તેથી તેણે પિતાને યાદ દેવડાવતાં કહ્યું કે, 'પિતાજી, આપણી સાથે અર્પણને માટે છરો છે, લાકડાં છે અને અગ્નિ પણ છે. પરંતુ મુદ્દાની વાત તો રહી ગઈ છે. આપણે અર્પણ માટેનો ઘેટો તો લાવ્યા નથી. તમને કેમ યાદ ના રહ્યું, પિતાજી ?'

અબ્રાહામનું અંતર વલોવાઈ ગયું. પોતાના પુત્રનું જ અર્પણ પોતે કરવાનો છે એવું એ કેમ કરીને કહી શકે ? તેણે કાળજું કઠણ

રાખીને કહ્યું, 'બેટા, અર્પણના ઘેટાની વ્યવસ્થા તો ઈશ્વર પોતે કરશે. આપણે એની ચિંતા શા માટે કરવાની હોય ?'

પિતા અને પુત્ર પહાડ પર નિયત સ્થળે આવી પહોંચ્યા. ત્યાં અબ્રાહામે વેદી બાંધી. તેના પર લાકડાં ગોઠવ્યાં. પછી ઈશ્વરે આપેલી આજ્ઞાની વાત ભારે હૃદયે તેણે પોતાના લાડકવાયા પુત્રને જણાવી કે 'દીકરા ઈસહાક, મારા લાલ, આજે મારે તારું અર્પણ કરવાનું છે ! આ છરો તારી ગરદન પર ફરશે. અને આ વેદી પર જે આગ સળગશે તેમાં તારે સમર્પિત થઈ જવાનું છે. અર્પણ માટેનું હલવાન તું પોતે જ છે, મારા દીકરા.'

પુત્રના માથે હાથ દઈને પિતા ગળગળો થઈ ગયો. તેણે પુત્રના આખા શરીર પર વહાલથી હાથ ફેરવ્યા. એની આંખોમાં પાણી આવી ગયું. આ બાજુ છોકરા ઈસહાકને માટે ઝાડીમાં દોડી જવાની મોકળાશ ઘણી હતી. બચી જવા માટે તે દોડવા લાગે તો તેની પાછળ પડીને પકડવા જેટલું જોર વૃધ્ધ અબ્રાહામમાં ના હોય એ સ્વાભાવિક છે. પણ એમ નાસી જાય તો એ ઈસહાક શાનો ? એ તો એક આજ્ઞાધીન પુત્ર હતો. તેણે પિતાને પ્રણામ કર્યા. ઈશ્વરની આરાધના કરી. આંખો ઈશ્વર તરફ ઊંચી કરી. પછી હસતાં હસતાં તે વેદી પર સૂઈ ગયો.

અબ્રાહામે હાથમાં છરો લીધો. પછી હાથ ઊંચો કર્યો. તે છરાનો ઘા કરવા જતો હતો ત્યાં તો તેનો હાથ અટકી ગયો. એ જ સમયે આકાશમાંથી એકાએક ઈશ્વરના દૂતે કહ્યું કે 'અબ્રાહામ, તું તારા દીકરાને કંઈ કરીશ નહિ, તારા એકનાએક દીકરાને તેં મારાથી પાછો રાખ્યો નથી. તેથી મને ખાતરી થઈ છે કે તું ઈશ્વરનો ભય અને આદર રાખનાર ભક્ત છે.'

ઈસહાક આજ્ઞાધીન થયો. તે પિતાની કસોટીમાં પાર ઊતર્યો.

અબ્રાહામ પણ ઈશ્વરની કસોટીમાં સફળ નીવડયો. તેના પુત્રને પ્રભુએ ઉગારી લીધો. પછી ઝાડીમાં ભરાઈ રહેલા એક ઘેટાંને લાવીને અબ્રાહામે તેનું અર્પણ કર્યું.

અર્પણવિધિ પૂરો થયા પછી અબ્રાહામે આનંદ સાથે ઈશ્વરની સ્તુતિ કરી. પછી તે પોતાના પુત્રને લઈને ઘેર પાછો આવ્યો.

†

# ૩ નવો બનેલો નામાન

*(૨ રાજાઓ : ૫)*

જૂના વરસની કાળી ડિબાંગ રાત્રિના અંધારભર્યા ઓછાયા ઊતરી ગયા પછી નવા વરસની આહ્લાદક ઉષા ઊઘડે છે. ત્યારે નવું સૌંદર્ય, નવી આભા અને નવું ચૈતન્ય પ્રગટી જાય છે. વળી સુકાયેલાં પીળાં પર્ણો વૃક્ષ પરથી ખરી પડે છે ત્યારે વૃક્ષોનું સૌંદર્ય હણાઈ જાય છે. પરંતુ ફરી પાછાં ડાળીપર ફૂટતાં લીલાંછમ પર્ણો દ્વારા એ વૃક્ષો ખીલી ઊઠે છે અને નવાં બની જાય છે. પછી સર્વત્ર નવું નવું દષ્ટિગોચર થાય છે. એવું જ નામાનના જીવનમાં બન્યું.

એ નામાનની વાત આવી છે :

ભલભલા મહારથીઓને રણમાં રગદોળનાર નામાન એક વીર યોધ્ધો હતો. તદુપરાંત એ અરામ દેશના લશ્કરનો વડો સેનાપતિ હતો. તે રાજાનો માનીતો અને પ્રશંસાપાત્ર પુરુષ હતો. એક વખત રાજાએ ઈઝરાયલ દેશ પર ચડાઈ કરી હતી. ત્યારે ઈશ્વરે આ નામાનની મારફતે અરામ દેશને વિજયી બનાવ્યો હતો. તેથી નામાનનો વધારે જયકાર બોલાતો થયો હતો અને તેનો ડંકો દેશમાં વાગતો હતો.

એક દુ:ખદ બાબત એ હતી કે આવા વીર અને વિજયી નામાનનું અંતઃકરણ ખેદિત રહેતું હતું. કેમ કે તે આવો સમર્થ અને પ્રતિષ્ઠિત હોવા છતાં તે પોતે કુષ્ટ રોગથી પિડાતો હતો. એ રોગને લીધે તેનું શરીર સફેદ થઇ ગયું હતું અને તેની ત્વચા નબળી પડી ગઈ હતી. તેથી જ્યારે સૂર્યનો આકરો તાપ પડતો હોય ત્યારે

તો તે પોતે જાણે શેકાઈ જતો હોય એવી વ્યથા અનુભવતો હતો. ઉપરાંત કોઢના રોગીઓનો સામાજિક દરજ્જો યાદ આવતાં નામાન સખત નિરાશ થઈ જતો હતો. આ ભયંકર રોગમાંથી છુટકારો મેળવીને નવા બનવાની દઢ આકાંક્ષા તેના અંતરમાં રહેલી હતી. પોતાના અંગમાં વળગેલા કુષ્ટ રોગમાંથી મુક્ત થવા માટે તેણે અનેક ઉપચારો કરી જોયા હતા. ધન્વંતરિ અને આયુર્વેદાચાર્યોનાં ઔષધો તેણે અજમાવી જોયાં હતાં. લસોટેલાં દ્રવ્ય તથા જાતજાતના મલમ અને લેપ તેણે શરીર પર લગાડી જોયા હતા. પણ એ બધું ય નિરર્થક નીવડયું હતું. નામાન એક સમર્થ સેનાની હતો. પરંતુ કોઢ રૂપી શત્રુની સામે તે પરાજય પામતો હતો. એની આગળ એનાં યુધ્ધશસ્ત્રો હેઠાં પડી જતાં હતાં. અને ગાત્રો શિથિલ થઈ જતાં હતાં. એને લીધે તે નિરાશાના ઊંડાણમાં ડૂબેલો રહેતો હતો.

એક દિવસ નીરોગી બનવાના વિચારોમાં નામાન પોતાની લશ્કરી છાવણીમાંથી ઘેર આવ્યો. ત્યારે તેની પ્રેમાળ પત્નીએ તેને ઉમળકાભેર આવકાર્યો. દરરોજના કરતાં આજે પત્નીનો ચહેરો વધારે પ્રફુલ્લિત જોઈને નામાનને નવાઈ લાગી. સામાન્ય રીતે તો પતિની મોભાદાર પદવીને લીધે નામાનની પત્ની ગૌરવ ધરાવતી હતી. પણ તેની કાયા પરના કોઢના કલંકને લીધે તેના દિલમાં બળતરાનો કીડો સળવળ્યા કરતો હતો. તેથી તે ઉદાસ રહેતી હતી. પરંતુ આજે તો તેનું હૈયું હરખથી નાચી ઊઠયું હતું. કેમ કે તેના પતિના કોઢના કલંકને નષ્ટ કરવા માટેનો કીમિયો તેને હાથ લાગ્યો હતો. જ્યારે પતિ ઘેર આવશે ત્યારે તેમને વધામણીની આ વાત જણાવશે. એવી ઉત્સુકતા તેને થઈ રહેલી હતી. તેણે નામાનને કહ્યું, 'વહાલા પતિ, તમે ઇઝરાયલ દેશ પર ચડાઈ કરીને વિજયડંકો વગાડયો હતો. ત્યારે ત્યાંથી પાછા વળતાં કેટલાક છોકરાછોકરીઓને તમે ગુલામ તરીકે પકડી લાવ્યા હતા. તેમાંથી

સુસાન્ના નામની એક સદગુણી કન્યા આપણા ઘરમાં દાસી તરીકે કામ કરે છે. તે બહુ ભલી, ભક્તિવાન અને સેવાભાવી કન્યા છે તે તો તમે સારી રીતે જાણો છો.'

'હા, એ વાત તો ખરી છે. પણ એમાં આટલું બધું ખુશ થવા જેવું શું છે ?' નામાને પૂછ્યું.

'એ સુસાન્નાએ મને કહ્યું કે, તેના દેશ ઈઝરાયલના સમરૂનમાં એક ભક્ત પ્રબોધક છે.'

'પણ એવા તો ઘણા બધા પ્રબોધકો છે. એનું છે શું ?' નામાને વચ્ચે બોલતાં કહ્યું.

'અરે પૂરું સાંભળો તો ખરા. આ કંઈ ભાલા મારવાની કે તીર તાકવાની વાત નથી. એ છોકરી સુસાન્ના કહેતી હતી કે એ પ્રબોધક ભલભલા અસાધ્ય રોગ મટાડી શકે એવા છે અને જો સેનાપતિ સાહેબ એ કન્યાના દેશમાં જાય તો ઈઝરાયલના સમરૂનના પ્રબોધક ઈશ્વરની મારફતે એમનો રોગ ચોક્કસ મટાડી દે એમ છે.' સ્ત્રીએ વાત સ્પષ્ટ કરી.

નામાન કશી આનાકાની કરે એ પહેલાં તો તેની પત્નીએ તેને ઈઝરાયલ દેશના પ્રબોધક પાસે જવા માટે તૈયાર કરી દીધો.

પોતાનો સેનાપતિ રોગ મટાડવા માટે ઈઝરાયલ દેશમાં જવા તત્પર થઈ ગયેલો છે એ વાત આરામના રાજાએ જાણી. તેથી તેણે ઈઝરાયલના રાજા પર એક પત્ર લખી મોકલ્યો. એ પત્રમાં નામાનને સાજો કરવાની સૂચના લખી આપવામાં આવેલી હતી. એ પત્ર ઉપરાંત બે ક્વિન્ટલ ચાંદી, છ હજાર સોનામહોરો અને દસ જોડ કિંમતી વસ્ત્રો લઈને નામાન પોતાના રસાલા સહિત ઈઝરાયલ દેશમાં ગયો.

અરામના હુમલા પછી હમણાં જ ઈઝરાયલને કળ વળી હતી.

ત્યાં તો વળી પાછું લાવલશ્કર લઈને સેનાપતિ નામાન પાછો આવ્યો છે એ ખબર ઈઝરાયલના રાજાએ જાણી. તેથી તે ગભરાઈ ગયો. તેમાંય પાછો અરામના રાજાનો પત્ર વાંચીને તો તેના હોશકોશ ઊડી ગયા. તે મૂંઝવણમાં પડયો કે, 'હવે નામાનને કેવી રીતે સાજો કરી શકાય ?' આ વાત પ્રબોધક એલિશાના કાને આવી. તેણે રાજાને સંદેશો મોકલ્યો કે 'ગભરાવાની કશી જરૂર નથી. ઈઝરાયલના સર્વસમર્થ ઈશ્વર નામાનને સાજો કરી દેશે. નામાનને અહીં મારી પાસે મોકલો.' એ સંદેશો સાંભળીને રાજાએ નામાનને પ્રબોધક પાસે મોકલ્યો.

નામાન પોતાના રસાલા સાથે ઈશ્વરભક્ત એલિશાના નિવાસસ્થાનના દ્વારે આવીને ઊભો રહ્યો. તેના મનમાં એમ હતું કે હું પોતે સેનાપતિ છું એટલે પ્રબોધક બહાર મારી સામે આવીને માનપૂર્વક મારું સ્વાગત કરશે. પણ એ ઈશ્વરભક્ત એવી ખુશામતમાં પડે એવા ન હતા. તેમણે તો બહાર આવવાની તસ્દી પણ લીધી નહિ. તેમણે અંદર રહ્યે રહ્યે નામાનને કહેવડાવ્યું કે તમે જઈને યર્દન નદીમાં સાત વાર સ્નાન કરો. એમ કરવાથી તમારામાં નવું માંસ આવશે. અને તમારી ત્વચા નવી બની જશે.

પ્રબોધક બહાર આવ્યા નહિ. એમણે અંદર રહીને જ કહેવડાવ્યું એટલે પોતાની પ્રતિષ્ઠાને જરા સરખુંય મહત્ત્વ અપાયું નથી. એવી લાગણી નામાનને થઈ આવી. તેથી તે ક્રોધાયમાન થઈ ગયો. તે ઘર તરફ પાછો ફરવા લાગ્યો. પણ તેના સેવકોએ તેને આજીજી કરીને મનાવી લીધો અને રોગમુક્ત થવા તથા નવા બનવા માટે પ્રબોધકના જણાવ્યા અનુસાર યર્દન નદીમાં સાત વાર સ્નાન કરવાની વિનંતી કરી. સાથી સેવકોની નમ્ર વિનવણીથી નામાને ક્રોધ રૂપી પોતાની તલવાર મ્યાન કરી દીધી.

પછી સાજા થવાની આશા સાથે નામાન યર્દન નદીના કિનારા પર ગયો. તેણે પોતાનાં શસ્ત્રો હેઠાં મૂકી દીધાં. મૂલ્યવાન વસ્ત્રો અંગ પરથી ઉતારી નાખ્યાં. પગમાંની રત્નજડિત મોજડી કાઢી નાખી. મસ્તક પરનો મુગટ ઉતારી દઇને નીચે મૂક્યો. અને અંતરના અહંકારને ઓગાળી દઈને અળગો કર્યો. પછી ઈશ્વરભક્તના કહેવા પ્રમાણે યરદન નદીના પાણીમાં ઊતર્યો. ત્યાં તેણે સાત વાર ડૂબકી મારી. છેલ્લી ડૂબકી મારીને પાણીમાંથી તેનું શરીર બહાર આવ્યું ત્યારે અજાયબ જેવો બનાવ બની ગયો હતો. સૌના આશ્ચર્ય વચ્ચે તેનું શરીર બદલાઈ ગયું હતું. તેની ત્વચા નવજાત શિશુની ત્વચા જેવી મુલાયમ, સુકોમળ અને સુંદર બની ગઈ હતી. તેનો કુષ્ટ રોગ અદશ્ય થઈ ગયો હતો અને તે પોતે શુધ્ધ બની ગયો હતો. રૂપાળો નામાન હવે નવો બની ગયો હતો.

રોગમુક્ત થયેલો અને અંતરમાં બદલાણ પામેલો નામાન પૂરી નમ્રતા સાથે ઈશ્વરભક્તની પાસે ગયો. તેણે રાંક હૃદયથી પ્રબોધકની આગળ ઈશ્વરનો આભાર માન્યો. વળી તેણે જાહેરમાં એકરાર કર્યો કે 'કેવળ ઇઝરાયલમાં જ ઈશ્વર છે એવી ખાતરી મને થઈ છે.' વળી વિશેષમાં તેણે જણાવ્યું કે 'તે સિવાય આખી પૃથ્વી પર બીજે ક્યાંય ઈશ્વર નથી.'

નામાન પાછો પોતાના દેશમાં પોતાને ઘેર આવ્યો. હવે તેણે નવો દેહ અને નવાં રૂપ ધારણ કરેલાં હતાં. એ નિહાળીને તેની પત્ની અનહદ ખુશી થઈ ગઈ. સાથે સાથે પોતાના માલિકને શુધ્ધ થઈને આવેલા જોઈને દાસી સુસાન્ના આનંદથી નાચી ઊઠી.

નવા બનેલા નામાનના પરિવારમાં આનંદનો પાર રહ્યો નહિ. સામ્રાજ્યમાં ઈશ્વરનાં ગુણગાન ગવાયાં. અને સમગ્ર અરામ દેશમાં ઈઝરાયલના ઈશ્વરનો જયજયકાર થઈ ગયો.

નવો બનેલો નામાન હવે સૈન્યનો હવાલો ઈશ્વરની ઇચ્છા અનુસાર સંભાળવાં લાગ્યો. એ પરમસુખી થઈ ગયો.

†

# ૪ વધામણીની વાત

*(૨ રાજાઓ ૭:૩-૨૦)*

કુષ્ટ રોગથી પિડાતા ચાર માણસો લશ્કરની છાવણીમાં ઘૂસી ગયા ! એક તંબુમાં પ્રવેશીને તેમણે નિરાંતે ભોજન આરોગ્યું. તંબુમાંથી સોનું, રૂપું અને સુંદર વસ્ત્રો મળી આવ્યાં તે લીધાં. પછી પાસેના તંબુમાં ગયા. ત્યાંથી પણ લેવાય એટલું લીધું. આજે તેમના માટે જાણે સોનાનો સૂરજ ઊગ્યો હતો !

મોશેના નિયમ અનુસાર કુષ્ટ રોગના રોગીઓએ નગરની બહાર રહેવું પડતું હતું. રોગમુક્ત થવાય ત્યારે શુધ્ધીકરણની વિધિ સાથે અર્પણો ચડાવવાં પડતાં હતાં અને યાજકની ચકાસણીમાં તેઓ શુધ્ધ જણાય તો જ તેમનાથી પાછા નગરમાં પ્રવેશી શકાતું હતું. આ ચારેય રોગીઓ આ અગાઉ સમાજમાં પ્રતિષ્ઠિત નાગરિકો હતા. સમરૂનનગરની વિવિધ સભાઓ અને સમિતિઓમાં પ્રમુખસ્થાન શોભાવીને જાહેરમાં તેમણે સન્માન પણ મેળવ્યાં હતાં. પણ સમયની બલિહારી ન્યારી હોય છે ! હવે લોકો તેમને ધૂતકારતા હતા અને જોતાં વેંત પોતાનાં મોં મચકોડતા હતા. કારણ કે તેમને કુષ્ટ રોગ લાગુ પડયો હતો.

ગઈકાલના સભ્યજનોને હવે સમાજે ફગાવી દીધા હતા. પણ... આજે વિરોધી લશ્કરની છાવણીમાં તેમને આગવું સામ્રાજ્ય મળી ગયું હતું !

'કેટલાયે દિવસો પછી આપણે સંતોષપૂર્વક જમી શક્યા,' એક રોગીએ કહ્યું.

'રોગ વળગ્યા પછી આપણા જીવનમાં સંતોષ જ ક્યાં રહ્યો છે ?' બીજાએ જવાબ આપ્યો.

'બળ્યો આ રોગ ક્યારે મટશે ?' ત્રીજાએ જણાવ્યું.

'હવે તો આ રોગ ટળે તો જ નગરમાં પાછા પ્રવેશવાનું મળે. રોગનાં ચાઠાંવાળી ચામડી સૂરજના તાપમાં તપે છે ત્યારે જે લહાય લાગે છે તે તો મારાથી વેઠી શકાતી જ નથી. હવે તો પ્રભુ મહેર કરે અને નીરોગી કરે તો સારું થાય !' ચોથાએ હૈયાવરાળ કાઢી.

છાવણીમાંથી નીકળીને ચારેય જણ વાતો કરતા કરતા તેમના નિવાસસ્થાને ગયા. એ રહેઠાણ શહેરની વસતીથી દૂર દૂર આવેલાં હતાં.

કોઈની નજરે ન પડે એવી રીતે તેમણે પેલાં વસ્ત્રો, રૂપું અને સોનું સંતાડયું. તેમનું નગર સમરૂન તો દુષ્કાળમાં સપડાયેલું હતું. તેથી નગરજનો તરફથી સહાયની આશા રાખવાથી હવે કશું વળે તેમ ન હોવાથી ચારેય જણે નક્કી કર્યું કે 'આપણે દરરોજ છાવણીમાં જઈશું. સંતોષપૂર્વક ભૂખ ભાગીશું અને નિરાંતે જીવીશું.'

બનેલું એવું કે અરામ દેશના રાજાના લશ્કરે સમરૂન નગરને ઘેરો ઘાલ્યો હતો. તેના સૈનિકોએ તંબુ તાણીને છાવણી નાખી હતી. ઘેરાનો સમય વધારે લંબાયો. તેથી નગરમાં અન્નની અછત ઊભી થઈ. દુષ્કાળ શરૂ થયો. ભૂખમરાએ લોકોને ભીંસમાં લીધા. ગધેડાની મૂંડી અને કબૂતરની અઘાર જેવી અઘટિત ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવાની સ્થિતિ સરજાઈ. અધૂરામાં પૂરું એના ભાવ પણ આસમાને પહોંચ્યા. ખળામાં ધાન્ય ન મળે અને દ્રાક્ષાકુંડમાં દ્રાક્ષ ન મળે ! અનાજનાં દર્શન દુર્લભ થઈ ગયાં અને જીવતાં માસૂમ બાળકોને બાફીને ખાવાના બનાવો નગરમાં બનવા લાગ્યા.

આવા કપરા કાળમાં કુષ્ટ રોગીઓની દરકાર કોણ કરે ?

તેમની બિચારાની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ હતી. એક તરફ નગરમાં દુષ્કાળ હતો. તો બીજી તરફ નગરની બહાર પણ ભૂખે મરવાનો વારો હતો. નજીકમાં અરામી સૈન્યનો પડાવ હતો. દુશ્મનોની એ છાવણીમાં જવાની તો હિંમત જ કેવી રીતે થઈ શકે ? હવે ઊગરવાનો કોઈ આરો ન હતો.

આવા સંજોગોમાં ડૂબતો માણસ તરણું પકડે છે. અને મરણિયો થતાં માણસ ભયને ખંખેરી નાખે છે. એવું આ કુષ્ટ રોગીઓએ કર્યું.

તેઓએ નક્કી કર્યું કે, 'ચાલો, આપણે દુશ્મનોના સૈન્યની છાવણીમાં જઈએ. મરવાનું તો છે જ. પછી શા માટે બેસી રહીએ? ચાલો. હવે ડરવાની જરૂર નથી.' એવો બહાદુરીપૂર્વકનો નિર્ણય કરીને સાયંકાળે એ ચારેય સાથીદારો અરામી સૈન્યની છાવણીની સરહદે પહોંચ્યા. અંદર પ્રવેશતાં તેમના પગ પાછા પડતા હતા કેમ કે સૈનિકો તેમને ઠાર કરી દેશે એવી તેમને દહેશત હતી. છતાં મોતને મૂઠીમાં રાખીને તેઓ તંબુમાં પ્રવેશ્યા.

પણ આ શું ? ત્યાંનું દશ્ય જોઈને તેઓ સ્તબ્ધ બની ગયા ! છાવણી નિર્જન હતી. અલંકારો, વસ્ત્રો, સ્વાદિષ્ટ ખાદ્ય સામગ્રી, તંબુ અને ઘોડાઓ એમના એમ જ હતા. એ બધું પડતું મૂકીને સૈન્યના તમામ સૈનિકો થોડી વાર પહેલાં જ અહીંથી નાસી ગયા હતા.

ઈશ્વરે કરેલો એ ચમત્કાર નિહાળીને પેલા કુષ્ટ રોગીઓ નાચવા અને કૂદવા લાગ્યા. હવે મૃત્યુભય ન હોવાથી રાજાના જેવી અદાથી તેઓ છાવણીમાં ફર્યા. ત્યાં ભોજન હતું. તેમાંથી આરોગાય એટલું આરોગ્યું. ત્યાં વસ્ત્રો અને અન્ય ધનદોલત હતાં. તેમાંથી લેવાય એટલું લીધું. પછી પ્રભુનો આભાર માનીને તેઓ પાછા ફર્યા.

આ તરફ નગરજનો હજી પણ ભયગ્રસ્ત સ્થિતિમાં દિવસો પસાર કરતા હતા. પ્રભુએ રથના, ઘોડાના અને સૈન્યના અવાજો સંભળાવીને અરામી સૈનિકોને નસાડી દીધા હતા. એની કશી જ જાણ સમરૂનના લોકોને ન હતી. ચારેય જણને પોતાનાં આપ્તજનો અને નગરના અન્ય લોકોની દયા આવી. વતન પ્રત્યેના પ્રેમના તલસાટને લીધે તેમણે પોતાનો અંગત સ્વાર્થ તજી દીધો. ચારેય સ્વતંત્ર વીરો જાગ્રત થઈ ગયા. પોતાના વતનની મુક્તિ થઈ છે એ વધામણીની વાત નગરજનોને વેળાસર સંભળાવવાનું તેમણે નક્કી કર્યું.

બીજી જ પળે તેઓ દોડતા દોડતા સમરૂનના પ્રવેશદ્વારે પહોંચ્યા. પણ હવે આગળ જવાનું શું કરવું ? રોગીઓથી નગરમાં કેવી રીતે પ્રવેશી શકાય ? નિયમનું પાલન તો કરવું જ રહ્યું ! નગરનાં બંધ દ્વારોને તેમણે બહારથી જુસ્સાપૂર્વક ખટખટાવ્યાં. બહાર રહ્યે રહ્યે તેમણે નગરના દરવાનને વધામણીની વાત સંભળાવી કે 'સંધ્યાકાળે અમે અરામી સૈન્યની છાવણીમાં ગયા હતા. ત્યારે ત્યાં સૈનિકો ન હતા. ઘોડા બાંધી મૂકેલા હતા. અને તંબુ જેમના તેમ હતા. છાવણી નિર્જન હતી.'

દરવાનોએ દોડી જઈને એ ખુશખબર રાજાને જણાવી. રાજાએ ખાતરી કરાવી. પછી વધામણીની એ વાત વાયુ વેગે નગરમાં પ્રસરી ગઈ. લોકોના શોક અને સંતાપ દૂર થઈ ગયા. હરખ ઉલ્લાસ સાથે નગરના લોકો બહાર નીકળી આવ્યા. તેમણે પૂરની પેઠે ધસી જઈને અરામી સૈન્યની છાવણીમાં લૂંટ ચલાવીને મુક્તિની વિજયખુશાલી ઊજવી.

સમરૂનના લોકોની મુક્તિ થઈ ગઈ. પણ વધામણીની વાત કહીને વતનની મુક્તિ જાહેર કરનારા પેલા ચારેય રોગી વીરો હજી

બહાર છે. શુધ્ધ થવાની આશામાં ને આશામાં તેઓ પોતાની મુક્તિ માટે રાહ જોઈ રહ્યા છે.

સમરૂન શહેરના વિજયોત્સવમાં પેલા ચારેય કુષ્ટ રોગીઓ વિસરાઈ ગયા ! એમને વધામણીની વાત કોણ સંભળાવે ? એમને નગરમાં કોણ આવકારે ? એમને રોગમાંથી મુક્તિ કોણ અપાવે ? એમણે તો વધામણીની વાત કહીને પોતાનું કર્તવ્ય પૂરું કર્યું હતું.

†

# ૫ ભભૂકતી ભઠ્ઠીમાં ભક્તિ

*(દાનિયેલ ૩)*

'જુવાનો, તમને મૃત્યુનો જરાય ભય નથી ?' મક્કમતાથી મોતને ભેટવા તત્પર થયેલા ત્રણ જુવાનોને રાજાએ પૂછ્યું.

'નામદાર, રાજન. મૃત્યુભય શા માટે રાખવો જોઈએ ? મૃત્યુ માત્ર ડરપોકને ડરાવી શકે છે ? મૃત્યુ દ્વારા સ્વર્ગમાં પ્રવેશ પામનારાઓ તો નિર્ભય હોય છે !' મેશાખે કહ્યું.

'શાદ્રાખ, તમારા હાથની બેડીઓ તમને શરમિંદા બનાવે છે. માની જાઓ. ભક્તિની આ ઘેલછાને છોડી દો અને મૂર્તિ સમક્ષ તમારાં માથાં ઝુકાવી દો.'

શાદ્રાખે પોતાના અંગ પરની જંજીરોને રણકાવતાં કહ્યું, 'મહારાજા, આ બેડીઓ અમારી શરમિંદગી નહિ પણ શણગાર છે. શરીર પરની આ સાંકળો અમારા નશ્વર દેહને બાંધે છે. અમારા આત્મા તો નિર્બંધ છે. મુક્ત છે ! એને બાંધવા માટેની બેડીઓ બનાવનાર કોઈ કારીગર હજી સુધી પેદા થયો નથી.'

'હઠાગ્રહીઓ, તમારી જીદનો શો અંજામ આવશે એનું તમને ભાન છે ખરું ? અસહ્ય વેદના સહન કરતાં કરતાં તમારો વિનાશ થઈ જશે. હજી તમારા હાથમાં બચાવની એક અણમોલ તક છે. પ્રતિષ્ઠિત કરીને મેદાનમાં ઊભી કરેલી આ મૂર્તિને પ્રણામ કરી દો. અને જિંદગીને ઉગારી લો.'

'હે રાજવી, અમે પ્રાણ સમર્પી દઈશું. પણ પ્રાણેશ્વરને અળગા નહિ કરીએ. ભૌતિક પદાર્થોની બનેલી આ નિર્જીવ મૂર્તિ તો અમારે

મન શૂન્ય છે.' અબેદનગો નામના જુવાને અડીખમ થઈને કહ્યું.

'મૂર્તિરૂપી અમારા ઈષ્ટદેવનો અનાદર એ અમારું અપમાન છે. બેશરમ ! તમે શું બકી રહ્યા છો એનું તમને ભાન છે ? તમારી જીભ ખેંચી કાઢવામાં આવશે.' રાજાનો પિત્તો જાણે આસમાન પરે પહોંચી ગયો !

'હે મહારાજા, એવું થશે તો પછી જીભ સિવાયનાં અન્ય અંગોથી પણ અમે એ જ સરજનહારની ભક્તિ ચાલુ રાખીશું.' જાગૃત જુવાનોએ દઢતાપૂર્વક જણાવ્યું.

'એ બધું ભૂલી જાઓ ! મૂર્તિની ઉપાસનાની અવગણના કરીને તમે હાથે કરીને તમારો વિનાશ નોતરી રહ્યા છો. પ્રસ્થાપિત કરેલી આ મૂર્તિને ઈષ્ટદેવ તરીકે સ્વીકારી લો. એમાં જ તમારું હિત સમાયેલું છે. એની સમક્ષ તમારાં મસ્તકો નમાવી દો અને તમારા આશાસ્પદ આયુષ્યને ઉગારી લો.' રાજાએ પોતાના આગ્રહને દોહરાવ્યો.

'અમે મૂર્તિને નમન કરવાને બદલે મોતને પસંદ કરીએ છીએ. ઝટ કરો. હવે અગ્નિના ભડકામાં આયુષ્યની આહુતિ આપવામાં અમને વિલંબ થાય છે.' ત્રણેય મરજીવાઓએ પોતાનાં મસ્તકોને મક્કમતાપૂર્વક વધારે ઊંચા કર્યાં. તેઓ ટસમાંથી મસ થયા નહિ.

'તમે મમત નહિ છોડો એમ ને ? હવે તો કેવળ કાળ તમારી પ્રતીક્ષા કરી રહ્યો છે.'

સમજાવટ નિષ્ફળ જતાં રાજા નબૂખાદનેસ્સાર ફરીથી ધૂંવાંપૂંવાં થઈ ગયો. ત્રણેય જુવાનોને સળગતા અગ્નિની ભઠ્ઠીમાં જીવતા નાખીને સળગાવી દેવાની શિક્ષા તેણે જાહેર કરી. રાજા પોકારી ઊઠ્યો કે આજ્ઞાભંગની એ જ શિક્ષા હોય.

નબૂખાદનેસ્સાર બાબિલનો રાજા હતો. યશ પ્રાપ્તિ કાજે તે

રાજ્યની સરહદોનો વિસ્તાર વધાર્યે જતો હતો. તેણે યરુશાલેમને જીતી લીધું અને અમીરવર્ગના રાજવંશી યુવાનોને રાજમહેલમાં નજરકેદ રાખ્યા. તેમાં આ ત્રણ જુવાનો પણ હતા. સત્તાના નશામાં તે મદાંધ બન્યો હતો. પ્રભુની નજરમાં કોઈ પણ વ્યક્તિ પછી તે રાજા હોય કે રંક પણ તેની ઝાઝી વિસાત હોતી નથી. પરંતુ આ રાજા પોતાને ઈશ્વરની સમકક્ષ મનાવવા લાગ્યો. બાબિલ પ્રાંતના દૂરાના મેદાનમાં સાઠ હાથ ઊંચી અને છ હાથ પહોળી એવી સોનાની ભવ્ય મૂર્તિ તેણે પ્રતિષ્ઠિત કરી હતી. પોતાની હાક વગાડવા માટે તેના રાજ્યના પ્રજાજનો એ મૂર્તિને પ્રણામ કરે અને તેની પૂજા કરે એવો આદેશ તેણે બહાર પાડયો હતો. વળી જે કોઈ તેના આ આદેશનો અનાદર કરે તેને અગ્નિની ભઠ્ઠીમાં નાખીને સળગાવી દેવાની શિક્ષા જાહેર કરવામાં આવી હતી.

પવનથી આમતેમ હાલતા બરુની માફક મોટા ભાગના લોકોએ રાજાના ભયને લીધે તેના ફરમાનને માથે ચડાવી લીધું. તેઓએ ઈશ્વરની અવગણના કરી અને મૂર્તિને પગે લાગવાનું શરૂ કરી દીધું. કારણ કે તે વખતે રાજાની આજ્ઞાનો ભંગ કરવો એ વાઘના મોંમાં માથું નાખવા જેવું કપરું કામ હતું. આદેશ ઉથાપીને અગ્નિની સળગતી ભઠ્ઠીમાં જીવતા સળગવા માટે કોણ તૈયાર થાય?

આવા અણીના વખતે પેલા ત્રણેય મરજીવા છૂપા રહ્યા નહિ. એમને માથે મોત ઝઝૂમતું હતું તે છતાં શાદ્રાખ, મેશાખ અને અબેદનગો નામના આ ત્રણેય પ્રભુપ્રેમી જુવાનિયાઓએ રાજવી ફરમાનનો ભંગ કર્યો. તેઓ શરણ સ્વીકારવાને બદલે શહીદી વહોરી લેવા તત્પર થઈ ગયા.

‘ઈશ્વરને સમર્પિત થયેલાં અમારાં મસ્તકો હવે કોઈ મૂર્તિ આગળ નમવાનાં નથી.’

'અમે અન્ય કોઈની ભક્તિ કરવાના નથી.'

'અમે મૃત્યુદંડથી ડરવાના નથી.' જુવાનોએ જાહેર કર્યું.

આ ભડવીરોની વીરહાકના પડઘા ફરી પાછા રાજાને કાને અથડાયા. અપમાનથી કાળઝાળ થયેલા રાજાએ ફરીથી તેમને ધમકાવી જોયા. પરંતુ જીવના ભોગે અગ્નિની ભઠ્ઠીમાં ભક્તિ કરવાના પોતાના હક્ક તેમણે અબાધિત રાખ્યા હતા. આવી રીતે ભક્તિ કરવા માટે તત્પર થયેલી ત્રિપુટીની સ્વસ્થ અને નિર્ભય મુખમુદ્રા જોઈને રાજા વધારે બેબાકળો થઈ ગયો. આખરે આજ્ઞાભંગને લીધે શિક્ષા કરવા માટે તેમને જીવતા જલાવી દેવાનો અફર નિર્ણય રાજાએ જાહેર કર્યો.

આજે એ જુવાનો મોતને ભેટવા થનગની રહ્યા હતા. મોત માથે ઝઝૂમતું હોય ત્યારે માણસનાં ગાત્ર ઢીલાં પડી જાય છે. પણ આ યુવાનોના નિર્દોષ, નિર્ભય અને ચૈતન્યશીલ ચહેરા જોઈને રાજા દિગ્મૂઢ થઈ ગયો. અગાઉના ગુનેગારોની અંતિમ પળોમાં તેમના મુખ પરની ધ્રુજારીઓ રાજાએ જોયેલી હતી. પરંતુ કટોકટીની પળોમાં આવા ચળકતા ચહેરા તેણે કદીય જોયા ન હતા.

આ જુવાનોને લીધે પ્રજા આગળ શરમિંદા પડવાનું થવાને લીધે રાજાનો ચહેરો ક્રોધથી લાલચોળ થઈ ગયો. તેણે અગ્નિની ભઠ્ઠીને સાત ગણી વધારે તપાવડાવી અને વસ્ત્રો સહિત ત્રણેય જુવાનોને આગમાં ધકેલી મુકાવ્યા.

આવા સળગતા ભડકામાંથી કોણ બચી શકે ? કોઈ બચી શકે નહિ એવી આ ભડભડતી ભઠ્ઠીમાં એક અદ્ભુત ઘટનાએ આકાર લીધો. રાજાના જોવામાં આવ્યું કે ભઠ્ઠીમાં ત્રણને બદલે ચાર જણ હતા અને ચોથી વ્યક્તિનું સ્વરૂપ તો ઈશ્વરપુત્રના જેવું હતું. એમનાં સ્વરૂપો દેદીપ્યમાન જણાતાં હતાં. આગના અંગારા ઉપર ઊભા

ઊભા સળગતી ભઠ્ઠીમાં તેઓ પ્રભુની ભક્તિ કરી રહ્યા હતા. એમને જરા સરખીય આંચ આવતી ન હતી.

આખરે સત્યનો વિજય થયો. ઈશ્વરના ઈશ્વરત્વનો સ્વીકાર થયો. અને સંતો જેવા યુવાનોની સ્વસ્થતા અને નિર્ભયતાની ખાતરી થવાને લીધે રાજાના હૃદયમાંનો પ્રેમ તેના મુખ દ્વારા વહેવા લાગ્યો કે 'દીકરાઓ, તમે તો પરાત્પર ઈશ્વરના ભક્તો છો. હવે ભઠ્ઠીમાંથી બહાર આવો. તમારા પ્રભુનો વિજય થયો છે.'

ભક્તો ભઠ્ઠીમાંથી બહાર આવ્યા. તેમના પર અગ્નિની કશી અસર થઈ ન હતી. તેમના માથાના વાળ બળ્યા ન હતા. અને તેમનાં વસ્ત્રોને આંચ સરખીય આવી ન હતી. રાજા તેમને ભેટી પડયો અને પ્રજાએ જોરશોરથી જયપોકારો કર્યા.

આ બનાવથી નવું દર્શન પામેલા રાજાએ નવું ફરમાન બહાર પાડયું કે જે કોઈ વ્યક્તિ આ ત્રણ યુવાન સંતોના ઈશ્વરની વિરુધ્ધ અયોગ્ય બોલશે તે સર્વના કાપીને ટુકડેટુકડા કરી નાખવામાં આવશે. કેમ કે આવી રીતે પોતાના ભક્તોને બચાવી શકે એવા આ ઈશ્વર વિના બીજા કોઈ ઈશ્વર નથી.

પછી શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને બાબિલ પ્રાંતમાં ઉચ્ચ પદવીએ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા અને રાજ્યમાં જયજયકાર સાથે પરમેશ્વરનાં ગુણગાન ગૂંજી રહ્યાં.

†

# ૯ ઊંઘમાંથી ઊઠેલો યોના

(યૂના ૧, ૨, ૩)

સમુદ્ર તોફાને ચડયો હતો. એનાં મોજાંએ માઝા મૂકી હતી. અને વિનાશક વાવાઝોડું વીંઝાઈ રહ્યું હતું. આવા સમયે એક વહાણ પ્રવાસીઓને લઈને સમુદ્રમાં સફર કરી રહ્યું હતું. એ વહાણના પ્રવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા. તોફાનને લીધે તેઓ ધ્રૂજી ઊઠયા હતા. વહાણ ઊંધું વળી જશે અથવા ભાગી જશે એવું લાગતું હતું. નાવિકો અને યાત્રીઓ ભયભીત થઈ ગયા હતા. ભાર ઓછો કરવા માટે તેઓએ વહાણમાંનો માલસામાન દરિયામાં ફેંકી દીધો અને તોફાન સમાઈ જાય તે માટે તેઓ પોતપોતાના દેવની પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુને કાલાવાલા અને વિનંતીઓ કરવા છતાં આવી પડેલા જોખમમાં કશો ફેર પડતો ન હતો. સમુદ્ર વધારે ને વધારે તોફાની થતો જતો હતો. પ્રવાસીઓ પ્રાર્થનામાં લાગુ હતા તે દરમિયાન તેમાંનો એક એદી પ્રવાસી વહાણના અંદરના ભાગમાં જઈને નિરાંતે ઊંઘતો હતો. વહાણના કપ્તાને તેને શોધી કાઢીને કહ્યું કે, 'હે ઊંઘણસી, તું કેમ ઊંઘ્યા કરે છે ? સમુદ્રમાં તોફાન થયું છે. વહાણ હાલમડોલમ થાય છે. તોફાનનાં વાદળો વેરાય તે માટે અમે પ્રાર્થના કરીએ છીએ. ત્યારે તને ઊંઘ કેમની આવે છે ? ઊઠ, તારા ઈશ્વરને વિનંતી કર કે આપણો નાશ થાય નહિ અને આપણે ઊગરી જઈએ.'

વાવાઝોડું વધારે વેગથી વધતું જતું હતું. તોફાન શાંત થવાનો કોઈ સંકેત જણાતો ન હતો. તેથી કોને લીધે આ તોફાન થયું છે

તે જાણવા માટે મુસાફરોએ ચિઠ્ઠીઓ નાખવાનો નિર્ણય કર્યો. અને જેના નામની ચિઠ્ઠી નીકળે તેને લીધે જ આ તોફાન થાય છે એવું સ્વીકારવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. પછી ચિઠ્ઠીઓ નાખવામાં આવી. ત્યારે ચિઠ્ઠી પેલા ઊંઘણસી પ્રવાસીના નામની નીકળી. તે પકડાઈ ગયો. જાહેર થઈ ગયો. તેનું નામ યોના હતું.

આ યોના ગાથહેફેર ગામનો વતની હતો. તેના પિતાનું નામ અમિત્તાય હતું. તે પ્રભુનો પયગંબર હતો. પ્રભુએ તેને ઉપદેશ આપવા માટે નિનવે નગરમાં જવાનું ફરમાન કર્યું હતું. પણ પ્રભુની આજ્ઞાની અવગણના કરીને તે નિનવેના બદલે જોપ્પા બંદરે જતો રહ્યો હતો. ત્યાંથી તાર્સીસ તરફ જઈ રહેલા આ વહાણમાં તે બેસી ગયો હતો. તેને લીધે ઈશ્વરે સમુદ્ર ઉપર આ વાવાઝોડું મોકલ્યું હતું. આખરે યોના પકડાઈ ગયો.

વાવાઝોડાનાં વાદળો વિખેરાઈ જાય એવી કોઈ નિશાની દેખાતી ન હતી. બચાવનો કોઈ આરો ન હતો. આવા સંજોગોમાં યોનાનું અંતર વલોવાઈ ગયું. તે ઈશ્વરની આજ્ઞાનો અનાદર કરીને અવળે માર્ગે જતો રહેતો હતો. તેથી તેને પોતાને જ લીધે આ ભારે જોખમ ઝઝૂમેલું છે. એવું ભાન એને થયું. તેની આંખો ઊઘડી ગઈ. તેણે આ જવાબદારી પોતાને માથે સ્વીકારી લીધી અને સૌની આગળ કબૂલ કર્યું કે ‘હું સમુદ્ર અને કોરી ભૂમિના કર્તા ઈશ્વરનો ભક્ત છું. પણ તેમની હાજરીમાંથી અન્ય સ્થળે નાસી જઈ રહ્યો છું. મારે લીધે આ તોફાન તમારા પર આવી પડયું છે. એ તદ્દન સાચી વાત છે. એનો હું એકરાર કરું છું. હવે તો તોફાનને શાંત કરવા માટેનો એક જ રસ્તો બાકી રહેલો છે. તમે સૌ મને ઊંચકીને દરિયામાં ફેંકી દો. તો સમુદ્ર તમારે માટે શાંત થઈ જશે અને તોફાન ટળી જશે.’

બન્યું પણ એવું જ. સમુદ્રમાં શાંતિ સ્થાપવાને માટે યોનાને વહાણમાંથી ઊંચકીને દરિયામાં ફેંકી દેવામાં આવ્યો. યોના ઊછળીને સમુદ્રનાં પાણીમાં પડ્યો. તેની સાથે જ દરિયાનાં ઊછળતાં મોજાં બંધ થઈ ગયાં. વાવાઝોડું સમી ગયું. પાણી સ્થિર થઈ ગયાં અને સમુદ્રમાં શાંતિ થઈ ગઈ. વહાણ આગળ ચાલ્યું ગયું.

આ તરફ ઈશ્વરે યોનાને માટે દરિયામાં એક મોટી માછલીનું નિર્માણ કરી રાખ્યું હતું. તે યોનાને આખોને આખો ગળી ગઈ. ત્રણ રાત અને ત્રણ દિવસ સુધી યોના એ માછલીના પેટમાં રહ્યો. પ્રભુએ દર્શાવેલી દયાને લીધે યોનાને કશું જ નુકસાન થયું નહિ. માછલીના પેટમાં રહ્યે રહ્યે તેણે પસ્તાવો કર્યો અને પ્રાર્થના કરી. ઈશ્વરે એની યાચનાનો અવાજ સાંભળ્યો. તેમણે માછલીને આદેશ આપ્યો કે તે યોનાને બહાર કાઢી નાખે તેથી માછલીએ યોનાને પોતાના શરીરમાંથી બહાર કાઢી નાખ્યો. યોના જે જગ્યાએ બહાર આવ્યો ત્યાં કોરી જમીન હતી.

યોના માછલીના પેટમાંથી બહાર આવ્યો એ પહેલાં તેને ઉદરમાં લઈને માછલી સમુદ્રના ઊંડાણમાં ઘૂમી વળી હતી. જ્યારે યોના બહાર આવ્યો ત્યારે તેણે નવું અજવાળું જોયું. તેણે પ્રભુનો આભાર માન્યો.

હવે યોનાએ ઈશ્વરની આધીનતા સ્વીકારી. પછી ઈશ્વરની મૂળ આજ્ઞા પ્રમાણે તે નિનવે નગરમાં ગયો. ત્યાં તેણે ઈશ્વરનાં વચન અનુસાર ઉપદેશ આપ્યો. તેથી નિનવેના નગરજનોએ પોતાનાં પાપોનો પસ્તાવો કર્યો અને પોતાનાં દુષ્ટ આચરણો તજી દીધાં.

એ મોટા નગર નિનવેમાં એક લાખ અને વીસ હજાર માણસોની વસતી હતી. યોનાના અસરકારક અને સફળ ઉપદેશની

મારફતે ઈશ્વરપિતાએ એ નગરના તમામ રહેવાસીઓનો અજાયબ જેવી રીતે ઉધ્ધાર કર્યો.

યોના દ્વારા પ્રભુએ આ અદ્‌ભૂત ઉધ્ધારનું કાર્ય કરાવ્યું.

†

# ૭ ગુપ્ત જ્ઞાન

*(યોહાન ૩:૧-૧૫)*

**અં**ધારી રાતમાં શહેરની એક શેરીમાં એક ઓળો ચાલ્યો જતો હતો. કોઈ તેને જોઈ જાય નહિ તે માટે સાવચેતી રાખીને તે ધીમે પગલે ચાલતો હતો. તે છુપાતો છુપાતો રસ્તો પસાર કરતો હતો. તમરાંનો અવાજ વાતાવરણને ભયજનક બનાવતો હતો અને કોઈ કોઈ ઠેકાણે કૂતરાંઓ ભસવાના અવાજ દ્વારા તેની ઉપસ્થિતિની ચાડી ખાતાં હતાં. ખૂબ જ ધીમા પણ મક્કમ પગલે દઢતાપૂર્વક એક ગુપ્ત ભંડાર તરફ તે આગળ વધતો હતો.

જતી વખતે વચ્ચે આવતી ઝવેરીઓની દુકાનો તરફ તેણે નજર સુધ્ધાં ના કરી. શ્રીમંતોની મહેલાતોને પણ તેણે જવા દીધી. પછી મધ્યમ વર્ગના માણસોના વસવાટવાળી એક ગલીમાં તે ગયો. જે ઘર તે શોધતો હતો તે ઘર તેને મળ્યું. છૂપો ખજાનો હાથ ધરવા માટે તેણે ઘરમાં પ્રવેશ કર્યો.

તેને પ્રવેશેલો જોઈને ઘરમાં જે હતાં તે સહુ સ્તબ્ધ થઈ ગયાં! આજે આ ઘરમાં એક ધર્મસભા મળી હતી. અહીં ઈસુના અનુયાયીઓ અને ઈસુની વચ્ચે મીઠી ગોઠડી ચાલતી હતી. ત્યાં મોક્ષના માર્ગની રહસ્યભરી વાતો ઈસુ ગુરુ સંભળાવતા હતા. ઊંડા જ્ઞાનની કથા ચાલી રહી હતી. તે વખતે આવેલા એ અજાણ્યા લાગતા માણસને જોઈને ઘરમાંના કેટલાંકને શંકાકુશંકાઓ થઈ આવી.

થોડી વાર પછી તેણે પોતાના ચહેરા પરનું આવરણ અને

બંધ દૂર કર્યાં. ત્યારે ઘરમાંથી કેટલાંકે તેને ઓળખી કાઢ્યો. જેઓ તેને ઓળખતાં હતાં તેઓ આ સમયે તેને અહીં આવેલો જોઈને વિસ્મિત થયાં.

'આવો, નિકોદેમસભાઈ. આમ અંધારી રાતે અચાનક છાનામાના કેમ આવવું થયું ?' એક વ્યક્તિએ બીતાં બીતાં પૂછ્યું.

'છૂપો ખજાનો લૂંટવા આવ્યો છું.' આગંતુકે કહ્યું.

'તમે સ્થળ અને ભાન બેઉ ભૂલ્યા લાગો છો. અહીં ધનના ભંડારો ના હોય' એક ભક્તજને જણાવ્યું.

'મને એક બાતમી મળી છે. તે પ્રમાણે અવિનાશી દ્રવ્યનો ખજાનો અહીં જ છે.' નિકોદેમસે કહ્યું.

'આપ તો સાન્હેન્દ્રિન સભાના સભ્ય છો અને વળી ધર્મશાસ્ત્રના પ્રખર પંડિત છો. છતાં તમારે જે સ્થળે જવું જોઈએ એમાં સરતચૂક શાથી થઈ ? તમારું સ્થાન તો સભામાં અગ્રસ્થાને હોય. ખજાનો, દ્રવ્ય એ બધું આપના બંગલામાં હોય. અહીં આ ખોરડાં જેવાં સામાન્ય મકાનોમાં ખજાનો ક્યાંથી ભરેલો હોય ?' એક પીઢ માણસે કહ્યું.

'હું ભૌતિક દ્રવ્યનો ભંડાર લેવા માટે આવ્યો નથી. હું તો ગુપ્ત જ્ઞાનનો ખજાનો લૂંટવા આવેલો છું. એ દ્રવ્યભંડાર અહીં જ ગુરુ ઈસુની પાસે છે.' પંડિતે ઈસુ ગુરુને પ્રણામ કર્યા.

સાન્હેન્દ્રિન સભાના કેટલાક સભ્યો ઈસુને તથા તેમના શિષ્યોને હેરાન કરવાની કાર્યવાહીમાં સામેલ હતા. નિકોદેમસ સાન્હેન્દ્રિનનો સભ્ય હતો. એ જ્ઞાની હતો. એ રાત્રે અહીં આવ્યો હતો એટલે સૌ ગભરાયેલાં હતાં. પણ તેણે આવીને ઈસુને પ્રણામ કર્યા તથા તે ઈસુના પગ આગળ બેઠો. એટલે સૌના શ્વાસ હેઠા બેઠા. સૌને શાંતિ વળી.

ચોર માનેલ વ્યક્તિ તો નિકોદેમસ છે. વળી તે સાન્હેન્દ્રિન સભાનો સભ્ય છે અને તે ઈસુને ગુરુ ગણીને જ્ઞાનની વાતો સાંભળવાની તાલાવેલી સાથે અહીં આવ્યો છે એવો ઘટસ્ફોટ થયાને લીધે સૌની કુતૂહલતા વધી ગઈ.

પછી નિકોદેમસે નમ્રતા દર્શાવતાં ઈસુને જણાવ્યું કે 'ગુરુજી, આપે કરેલા ચમત્કારો મેં જોયા છે. તે દ્વારા હું સમજી શક્યો છું કે આપ ઈશ્વર તરફથી આવેલા છો. હું ઈશ્વરને પામવા માગું છું.' નિકોદેમસે નમ્રતા દર્શાવી.

'નવો જન્મ પામ્યા સિવાય કોઈ પરમેશ્વરને પામી કે પારખી શકતું નથી.' ઈસુએ નિકોદેમસને ઈશ્વરપ્રાપ્તિનો સિધ્ધાંત સમજાવ્યો.

'નવો જન્મ !' નિકોદેમસના મનમાં ગડમથલ થઈ. વૃધ્ધ પુરુષ કઈ રીતે જન્મધારણ કરી શકે ? મરણને આરે ઊભેલો માણસ કેવી રીતે જન્મી શકે ? ફરીથી જન્મ સંભવી શકે ખરો ? તેના મનમાં ઊભી થયેલી આ મૂંઝવણ દૂર કરવા માટે તેણે પ્રભુ ઈસુને પૂછયું કે, 'માણસ ઘરડો થઈને કેવી રીતે જન્મ પામી શકે, પ્રભુજી.'

ઈસુએ તેને નવા જન્મનું રહસ્ય સમજાવ્યું કે 'જે શરીરથી જન્મેલું છે તે શરીર છે. અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે.'

નિકોદેમસે આ અગમ વાતો સમજવાની કોશિષ કરી. તેણે ઈસુને કહ્યું કે, 'માણસ ફરી વાર કઈ અને કેવી રીતે જનમી શકે? ફરીથી નવો દેહ ધારણ કરવાની ગુપ્ત જ્ઞાનની આ ગૂઢ વાતો મને વિગતે સમજાવો, ગુરુજી.'

ઈસુએ તેને આ વાત આગળ સમજાવતાં જણાવ્યું કે 'બાપ્તિસ્માના સંસ્કારમાં પાણીથી બાહ્યવિધિ થાય છે. એ તમે

જાણો છો. પણ પવિત્ર આત્મા દ્વારા દૈહિક માણસ નવો એટલે કે આત્મિક જન્મ ધારણ કરી શકે છે. પછી તે ઈશ્વરની સાથે જોડાઈને નવી ઉત્પત્તિ બને છે.'

'પ્રભુ, દેખાવે તો જૂનો દેહ ધારણ કરેલો દેખાતો હોય છતાંયે નવો જન્મ પામ્યાનો દાવો કરનાર વ્યક્તિને કઈ રીતે પારખી શકાય?' નિકોદેમસે મૂંઝવણ વ્યક્ત કરી.

'વત્સ, પવનને આપણે જોઈ શકતા નથી. પણ તેનો સ્પર્શ થાય છે ત્યારે તેના આગમન સંબંધી આપણે જાણી શકીએ છીએ. એમ આત્માથી નવો જન્મ પામેલી વ્યક્તિઓ તેમનાં કૃત્યોની અસરથી પવનની માફક પારખી શકાય છે.' ઈસુએ નવો જન્મ સમજાવ્યો.

'આ બધું કઈ રીતે શક્ય છે, પ્રભુ ?' નિકોદેમસે પૂછવાનું ચાલુ રાખ્યું.

'બંધું, તમે તો ઈઝરાયલના ઉપદેશક છો. છતાં તમે આટલું ય સમજતા નથી. આ તો પૃથ્વી ઉપરનું જ્ઞાન છે. સ્વર્ગનું જ્ઞાન તો આના કરતાં વધારે ગૂઢ છે. અંતે તો જે કોઈ વિશ્વાસ કરે છે તે જન નવો જન્મ પામે છે.' ઈસુએ વિશ્વાસનું મહત્ત્વ સમજાવ્યું અને સ્વર્ગનો ગુપ્ત ભંડાર ખુલ્લો કર્યો.

જ્ઞાતા અને જિજ્ઞાસુ વચ્ચેની આ ગુપ્ત જ્ઞાનની વાતો લાંબી ચાલી. તેની રસલહાણ નિકોદેમસની સાથે સૌએ લૂંટી.

પૂરા સંતોષ સાથે નિકોદેમસ પાછો વળ્યો. તે પહેલાં તેણે ઈસુના ચરણોમાં મસ્તક ઝુકાવી દીધું. તે રસ્તે ચાલતો હતો ત્યારે 'ગુપ્ત જ્ઞાન', 'વિશ્વાસ', 'નવો જન્મ' જેવા ચર્ચાયેલા વિષયને વાગોળતો હતો. તે વખતે નિશા નીરવ થઈ ગઈ હતી. અને શેરીઓ શાંત પડી ગઈ હતી. જતાં જતાં ઈસુ ગુરુના ગુપ્ત શિષ્ય

તરીકે રહેવાનો તેણે નિર્ણય કર્યો. તે ઈસુને આધીન થઈ ગયો. ગુપ્ત જ્ઞાનના પ્રગટ થયેલા સ્વર્ગીય વિચારોમાં ઘેર જઈને તે નિદ્રાધીન થયો.

બીજે દિવસે સવારમાં તે ઊઠયો. ત્યારે ઉત્તર દિશાએથી આવતા પવનની લહેરોને દક્ષિણ દિશા તરફ જતી તેણે સ્પર્શથી અનુભવી. તેના જીવનમાં નવાજન્મનું ગુપ્ત જ્ઞાન પ્રગટ થતું તેના જોવામાં આવ્યું. પછી તેને નવા જન્મ વિષે કશું આશ્ચર્ય રહ્યું નહિ. તેનું રહસ્ય તેને સમજાઈ ગયું. સાચા અર્થમાં તે ઈસુનો શિષ્ય બની રહ્યો.

†

# ૮ ...એ પહેલો પથ્થર મારે

(યોહાન ૮:૧-૧૧)

ક્રૂર વરુઓ વચ્ચે ઘેટી જેવી એક સ્ત્રી થરથર ધ્રૂજતી હતી. એની આજુબાજુ લોકોનું ટોળું એકઠું થયું હતું. આખું ટોળું પેલી સ્ત્રી પર ગુસ્સે ભરાયેલું હતું. ટોળાના લોકો તેને પથ્થર મારીને મારી નાખવા ઝનૂને ચડયા હતા. એ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાઈ હોવાનો આક્ષેપ તેઓ મૂકી રહ્યા હતા.

જેતૂન પર્વતના ઢોળાવ પર આ કિસ્સો બનેલો હતો. પેલા લોકો કોઈ પશુને હાંકતા હોય એમ હાંકીને, ઢસરડીને પેલી સ્ત્રીને જેતૂનના પર્વત પર લઈ આવ્યા હતા. અને અહીં પથ્થરો મારીને તેને મારી નાખવાનો મનસૂબો તેમણે કર્યો હતો.

પોતાની રીત પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ પર્વત પર પ્રાર્થના માટે આવેલા હતા. એ પરોઢિયાનો સમય હતો. ઈસુ તો દયા અને ક્ષમાની મૂર્તિ હતા. તેમના અંતરમાં અનુકંપા હતી. અને વર્તનમાં માણસો પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત થતો હતો. પેલા લોકો આ મહિલાનો કેસ લઈને ઈસુની આગળ આવી ગયા. તેઓ ઈસુની પાસેથી એનો ચુકાદો સાંભળવાનો આગ્રહ રાખવા લાગ્યા.

તેઓએ ઈસુની આગળ રજૂઆત કરતાં કહ્યું કે, 'ગુરુજી, આ સ્ત્રી વ્યભિચારના પાપમાં પકડાઈ છે. હવે અમારે એને શું કરવું જોઈએ ? તેઓ ઈસુને સકંજામાં મૂકવા માગતા હતા. તેમની મુરાદ મેલી હતી. તેઓનો ઈરાદો ઈસુની કસોટી કરવાનો હતો. એ દરમિયાન પેલી સ્ત્રીની દશા મુશ્કેલીભરી થઈ હતી. લોકોના

હાથમાંના ધારદાર અને મોટા મોટા પથ્થરો જોઈને તે બેબાકળી બની ગઈ હતી. એ પથ્થરો હમણાં એના પર ફેંકાશે તો એના શરીરનું એકેય અંગ સાજુંસમું નહિ રહે. એ સહન થઈ શકશે નહિ અને એનું મોત હવે હાથવેંતમાં છે. એવા ખ્યાલમાં એ ભારે ભયભીત થઈ ગઈ હતી.'

એને એમ હતું કે ઈસુ ગુરુ પાપને સહન કરી શકશે નહિ. પાપીને એના પાપ પ્રમાણે બદલો આપવાનું કહેશે. એની સાથે જ ધડાધડ પથ્થરો છૂટશે અને પથ્થરોના ઢગલા નીચે તે છૂંદાઈ મરશે. હવે બચવાનો આરો નથી.

આ તરફ પેલું ટોળું વધારે ધૂંવાંપૂંવાં થયે જતું હતું. ઈસુના અકળ મૌનને લીધે એ લોકો વધારે ઉશ્કેરાતા હતા. આ ટોળામાં યહૂદી ધર્મના ધર્મગુરુઓ, આગેવાનો અને શાસ્ત્રના પંડિતો પણ સામેલ હતા. તેઓ ઈસુના વિરોધીઓ હતા. ઈસુને એમના શબ્દોમાં પકડી લેવા માગતા હતા. ઈસુને માટે ધર્મસંકટ આવી પડશે એવું પેલા લોકો માનતા હતા.

યહૂદી નિયમશાસ્ત્ર પ્રમાણે જો આવા પાપમાં કોઈ પકડાય તો તેને પથ્થરો મારીને મારી નાખવાનો આદેશ આપવામાં આવેલો હતો. એ જૂના કરારમાં નિયમશાસ્ત્રની વાત હતી. ઈસુ નવા કરારનું સ્થાપન કરવા આવ્યા હતા. જો તેઓ આ સ્ત્રીને પથ્થરે મારી નાખવાની વાતને સમર્થન આપે અને ટોળાને આધીન થઈ જાય તો ઈસુનો પ્રેમ અને માફીનો ઉપદેશ નિરર્થક થવાનો હતો. અને એ ઉપદેશની કોઈ અસર રહેવાની ન હતી. વળી જો ઈસુ આ સ્ત્રીને છોડી મૂકવાની કે જતી કરવાની વાત કરે તો ઈસુ પાપને સમર્થન આપે છે અને નિયમશાસ્ત્રના આવા ભંગને ચલાવી લેવાની બાબતને પ્રોત્સાહન આપે છે એવું સાબિત થવાનું હતું. જતાં અને

આવતાં બેઉ બાજુ વહેરનારા કરવત જેવી એ વાત હતી. નિર્ણય આપવાનું કામ મુશ્કેલ હતું.

પેલા ઉશ્કેરાયેલા લોકો હવે ધીરજ રાખે એવું ન હતું. એમના હાથમાંના પથ્થર છૂટીને સ્ત્રીના શરીર પર પ્રહાર કરવા તત્પર થઈ ગયા હતા. તેઓ બૂમો પાડવા લાગ્યા કે હે ઈસુ, તમે તો નિયમશાસ્ત્રના ઉપદેશક છો. સાચો નિર્ણય જણાવો. અમે અમારી પાસે ધર્મશાસ્ત્રનો અર્થ સમજવા આવ્યા છીએ.

પેલી સ્ત્રી આવેશી ટોળાની વચ્ચે પારેવાની માફક કાંપી રહી હતી. ઈસુ લોકોની સામે આવીને ઊભા રહ્યા અને કશુંક કહેવા માટે તત્પર થયેલા જણાયા. લોકો શાંત પડી ગયા. ઈસુનો નિર્ણય સાંભળવા માટે આતુર થઈ ગયા. ઈસુએ તેઓને પૂછ્યું કે, 'આવા કિસ્સામાં મોશેએ નિયમશાસ્ત્રમાં શું ફરમાવેલું છે ?' ટોળાએ જવાબ આપ્યો કે, 'મોશેનો નિયમ તો સ્પષ્ટ છે. તેમાં જણાવેલું છે કે આવી સ્ત્રીને પથ્થરો મારીને મારી નાખવી જોઈએ. હવે અમારે શું કરવું તે તમે અમને જણાવો.'

તેઓએ ફરીથી ઈસુને સપડાવવાની કોશિષ કરી. ઈસુનો જવાબ 'હા' હોય તો તેના અર્થઘટનમાં ઈસુ નિર્દય ઠરવાના હતા અને જો તેમનો જવાબ 'ના' હોય તો ઈસુ પાપને ઉત્તેજન આપનારા ગણાવાના હતા. ઈસુ પોતે એ બધું સમજતા હતા. આવેલા લોકોનો ઈરાદો સારો નથી. એ તેઓ જાણતા હતા. વાસ્તવમાં વ્યભિચારનું પાપ એકપક્ષી હોઈ શકે નહિ. એની સાથે કોઈ સાથીદાર પણ હોય એ સ્વાભાવિક છે. પરંતુ આ લોકો એકલી સ્ત્રીને જ લઈને આવ્યા હતા. એ ઈસુની ધ્યાન બહાર ન હતું. ઈસુ પાપને ધિક્કારનારા હતા. પણ પાપી ઉપર પ્રેમ દર્શાવનારા હતા. તે ન્યાયીઓને નહિ પણ પાપીઓને તારવા સારુ દેહધારી થયેલા પ્રભુ હતા.

લોકોની અધીરાઈ વચ્ચે આખરે ઈસુએ પોતાનું મુખ ઉઘાડયું. તેમણે પોતાનો નિર્ણય આપતાં કહ્યું કે, 'મોશેએ આવી સ્ત્રીને પથ્થરે મારીને મારી નાખવાની આજ્ઞા આપેલી છે. તેને હું માનું છું. મોશેના નિયમશાસ્ત્રને પાળવાનું હું સ્વીકારું છું. તેથી તમારા હાથ ઊંચા કરો. પથ્થર તૈયાર રાખો. અને આ સ્ત્રીને પથ્થરનો માર મારીને મારી નાખો. હા, પણ પથ્થર મારતાં પહેલાં એક શરત છે કે તમારામાંથી આજ દિન સુધી જેણે એક પણ પાપ ના કર્યું હોય તે માણસ આગળ આવે. એ ઝીંકીને પહેલો પથ્થર મારે. એને અનુસરીને બાકીના બધા જ પોતાના પથ્થરો મારે.'

ટોળામાં સ્તબ્ધતા છવાઈ ગઈ. એવો કોણ હોય કે જેણે એક પણ પાપ ના કર્યું હોય ? મનથી, વચનથી અને કર્મથી દરેક જણે કોઈને કોઈ પાપ તો કર્યું જ હોય. પથ્થર મારવા માટે આગળ આવવાની જીગર કોણ ચલાવી શકે ? કોણ પહેલો પથ્થર મારે ? ઈસુએ તાક્યું તીર માર્યું. કોણ પથ્થર મારી શકે ? કેમ કે સઘળાએ પાપ કરેલું હતું અને ઈશ્વરના મહિમા વિષે સઘળા અધૂરા હતા. સૌને પોતાનાં પાપ પોતાની આંખો આગળ દેખાવા લાગ્યાં. મારવાને બદલે તેમણે પથ્થર ટપોટપ નીચે નાખી દીધા. ઝંખવાણા પડીને ચાલતા થઈ ગયા. લોકો ઝનૂન અને જુસ્સા સાથે આવ્યા હતા. પણ પોતાનાં પાપોનું સ્મરણ કરીને ચાલતા થઈ ગયા.

માત્ર પેલી સ્ત્રી અને ઈસુ જ ત્યાં રહી ગયાં. સ્ત્રીએ પોતાનાં પાપોની કબૂલાત કરી. પોતાને ઉગારવા માટે ઈસુનો આભાર માન્યો. પ્રભુ ઈસુએ તેનો ધિક્કાર કર્યો નહિ. તેમણે કહ્યું કે, 'બહેન, તમને કોઈએ દોષિત ઠરાવ્યાં નહિ ?' સ્ત્રીએ કહ્યું કે, 'ના, ગુરુજી.' પછી પ્રભુ ઈસુએ કહ્યું કે, 'હું પણ તમને દોષિત ઠરાવતો નથી. તમે શાંતિથી ઘેર જાઓ. બહેન, હવેથી પાપ કરશો નહિ.'

નવા બનવાની નવી આશા અને અરમાનો સાથે અને પૂરી શાંતિ સાથે સ્ત્રી પોતાને ઘેર ગઈ. ટોળાનો પરાજય થયો. ઈસુનો વિજય થયો. અને સ્ત્રીનો બચાવ થયો.

†

# ૯ ઊમરડાની ડાળીએ

(લુક ૧૯:૧-૧૦)

ઊમરડો એક વૃક્ષ છે. એનાં ફળ વડના ટેટા જેવાં જીવાત ભરેલાં હોય છે. એનાં ફૂલ દેખાતાં હોતાં નથી. યરેખો શહેરના રાજમાર્ગની બાજુમાં આવું એક ઊમરડાનું ઝાડ આવેલું હતું. આમ તો ખાસ કોઈ એની સામે જોતું ન હતું. એની કશી ગણતરી ન હતી. પણ આજે સવારે અનેક આંખો એની સામે તાકી રહી હતી. નીચા કદનો જાખી નામનો એક માણસ ઊંચે ચડીને જોવા માટે આ ઊમરડાની ડાળીએ ચડયો હતો. એની દષ્ટિની આડે આવતાં પાંદડાં, ડાંખળાં એણે તોડી નાખ્યાં.

આ જાખી ટોલ નાકાના મુખ્ય કાર્યાલય (ટેક્ષ ઓફિસ)નો વડો અમલદાર હતો. તે પૈસે ટકે સુખી હતો. કર ઉઘરાવનારા ઘણા કર્મચારીઓ તેના હાથ નીચે કામ કરતા હતા. સામાજિક દષ્ટિએ જોઈએ તો કર ઉઘરાવનારાઓના હાથ ખરડાયેલા હોય એવું માનવામાં આવે છે. તેઓ વસૂલાતમાં ઓછું વત્તું કરીને થોડું પોતે લઈ લેતા હોય છે અને વેરો ચૂકવનાર પ્રત્યે ઉદારતા બતાવીને સસ્તી પ્રિયતા મેળવતા હોય એવી સમજ સમાજમાં પ્રસરેલી હોય છે.

પરંતુ જાખી આ બધાથી પર હતો. તે પોતાના કાર્યમાં પ્રામાણિક હતો. આજે દાણચોરીનો માલ ઘુસાડવા માટે પકડાયેલા એક વેપારીએ હજારો રૂપિયાની રુશવત આપવા અને જાખીને લલચાવવા પ્રયાસ કર્યો હતો. પણ જાખી એટલે જાખી. તેણે ચોખ્ખું

ચટ પરખાવી દીધું હતું કે 'તમારા રૂપિયા હું લઉં અને આજે મારા પ્રભુ મારે ઘેર આવે તો તેમને હું શો જવાબ આપું ? રાજ્ય અને ઈશ્વર પ્રત્યે મારી બેવફાદારી જ ગણાય ને ?' એવું કહીને એણે ગેરવાજબી રીતે આવેલા ધનને જતું કર્યું હતું. કેવી વફાદારી !

કાર્યાલયમાંથી છૂટીને તે ઘેર જવા નીકળ્યો હતો. ઘેર જઈને પત્ની સાથે આજના બનાવની મીઠી ગોષ્ઠી કરવા તે અધીરો થયેલો હતો. વળી આજે કુટુંબ સાથે એક સંસ્કારી નાટક જોવા જવા માટે તેને ઉતાવળ કરવાની હતી. એટલે તે ઝડપથી ચાલતો હતો. ઠીંગણા જાખીને ઉતાવળે ચાલતો જોઈને રસ્તાના લોકોને કૂતુહલ થતું હતું, આનંદ આવતો હતો.

એવામાં ચાલતાં ચાલતાં એક જગ્યાએ જાખીએ એક મોટું ટોળું એકત્ર થયેલું જોયું. જે રસ્તે થઈને માણસોનું એ ટોળું જતું હતું તે જ રસ્તે જાખીને જવાનું હતું. જતાં જતાં તેણે ટોળામાંથી માણસોની વાતચીત સાંભળી કે, 'ઈસુ નાઝારી અહીં થઈને થોડી વારમાં પસાર થવાના છે.' 'અંધજનોને આંખો આપનારા આ રસ્તે થઈને આગળ જઈ રહ્યા છે.' આવી અનેક જાતની ચર્ચા અને વાતો તેના સાંભળવામાં આવી. તેથી જાખીને આનંદ થયો. તે ઈસુ ગુરુને જોવા માટે તલપાપડ થઈ ગયો. તેણે ટોળામાં ઘૂસવા પ્રયાસ કર્યો. પણ ભીડને લીધે તે અંદર જઈ શકે તેમ ન હતું. તેણે ઊંચા થઈને ઈસુને જોવાની કોશિષ કરી. પણ થઈ થઈને ઠીંગણો માણસ કેટલોક ઊંચો થઈ શકે ? તેનાથી ઈસુને જોઈ શકાયા નહિ. પછી લોકોને પૂછીપૂછીને તેણે પ્રભુ ઈસુની મુસાફરીના માર્ગની જાણકારી મેળવી લીધી. એને યાદ આવ્યું કે જે માર્ગે થઈને ઈસુ જવાના છે એ માર્ગની બાજુએ ઊમરડાનું એક ઝાડ આવેલું છે. પળનોય વિલંબ કર્યા સિવાય તે દોડવા લાગ્યો. અને ત્યાં જવાના ટૂંકા માર્ગે થઈને મુખ્ય માર્ગ ઉપર તે સૌની આગળ આવી

ગયો અને ઉતાવળે ઉતાવળે પેલા ઊમરડાના ઝાડ પર ચડીને તેની એક ડાળી પર તે બેસી ગયો.

અહીં રહ્યે રહ્યે તે ઈસુની પ્રતીક્ષા કરવા લાગ્યો. 'હમણાં મારા સ્વામીની સવારી આવશે અને હું તેમનાં મુખનાં દર્શન કરીશ.' એવી લાગણી સાથે સામેથી આવતા માનવ મહેરામણ તરફ તે નિહાળવા લાગ્યો. વચ્ચે આવતાં પાન તોડી નાખીને તેણે દર્શનની આડે આવતા અવરોધ દૂર કર્યા. એટલામાં રસ્તે આગળ વધી રહેલા ઈસુ તેના જોવામાં આવ્યા. તે તેમની સામે એકટશે જોઈ રહ્યો. સમુદાય સાથે ઈસુની સવારી માર્ગમાં આગળ વધતી વધતી છેક પેલા ઊમરડાના ઝાડ આગળ આવી. તદ્દન નજીકથી ઈસુનાં દર્શન થવાને લીધે હર્ષના આવેશમાં જાખીનું હૈયું ઊછળી ઊઠ્યું. જાખીના હલનચલનને લીધે ઊમરડાની ડાળી પણ ઝૂમવા લાગી. એના પરથી ખરેલાં અનેક પર્ણોએ ઈસુનું અભિવાદન કર્યું.

એ ભીડમાં ઈસુને જોવા માટે ઘણાની પડાપડી થતી હતી. તેમાંથી સાચા અને આતુર દર્શકને ઈસુએ ઓળખી લીધો. તેમણે ઊંચે જોયું અને અમીદષ્ટિ કરી. ઈસુએ અતિશય વહાલથી જાખીની આંખમાં આંખ પરોવી.

ઈસુએ જાખીને આમંત્રણ આપ્યું કે, 'જાખી ભાઈ, જલદી નીચે ઊતરી આવો. આજનો મારો મુકામ તમારે ઘેર છે.' ઈસુનું નિમંત્રણ મળવાથી જાખી ઘેલો ઘેલો થઈ ગયો. જાણે સીડીનાં પગથિયાં ઊતરતો હોય એમ ઝાડ પરથી તે સડસડાટ નીચે ઊતરી પડયો. તે ઈસુ ગુરુને ચરણે નમ્યો. પ્રભુ ઈસુએ પોતાના શિષ્ય તરીકે જાખીનો સ્વીકાર કર્યો.

લોકો જાખીને પાપી તથા દાણી તરીકે ગણતા હતા. ઈસુએ તેને બોલાવ્યો અને સ્વીકાર્યો. તેથી લોકો બડબડાટ કરવા લાગ્યા.

ટોળું ઈસુની નિંદા કરવા લાગ્યું કે, 'ઈસુ પાપીઓના ઘેર જાય છે.' 'એ તો પાપીઓની સાથે ખાય છે અને પીવે છે.'

ઈસુએ એની કશી પરવા કરી નહિ. તેમણે કહ્યું કે, 'આજે જાખીને ઘેર તારણ આવ્યું છે. તેનો ઉધ્ધાર થયો છે. હું જાખી જેવા ખોવાયેલા લોકોને શોધવા તથા તારવા સારુ આવેલો છું.'

જાખી પોતાના ઉધ્ધારક પ્રભુને લઈને પોતાને ઘેર આવ્યો. નવા મહેમાનને લઈને ઘેર આવેલા જાખીને જોઈને ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો. પરોણા તરીકે પધારેલા પ્રભુ ઈસુને જોઈને હરખઘેલાં થઈને સૌ ઈસુની સરભરામાં લાગી ગયાં.

જાખીએ સ્વર્ગીય તારણનો સ્વીકાર કર્યો. અને અંતરની વાતો નિરાંતે ઈસુની આગળ ઉઘાડી કરી. ઈસુએ જાખીના ઘરની મહેમાનગીરી માણી. સૌને આશિષો આપી. પછી ઘરમાંથી વિદાય લીધી. આવ્યા હતા એ જ મારગે થઈને ઈસુને પાછા જવાનું હતું. જાખી એમને વળાવવા અને વિદાય આપવા માટે થોડે સુધી એમની સાથે ગયો. ત્યારે માર્ગમાં પેલું ઊમરડાનું ઝાડ આવ્યું.

ત્યાંથી પ્રભુ ઈસુને 'આવજો' કહીને જાખી પોતાના ઘર તરફ પાછો વળ્યો.

†

# ૧૦ ગૃહાગમન

(લુક ૧૫ : ૧૧-૨૪)

ધરતીનો છેડો ઘર. એ ઘર સૌને વહાલું હોય છે. એમાં માતાપિતા હોય છે. ભાઈબહેન હોય છે અને આગળ જતાં પત્ની અને બાળકો હોય છે. સ્ત્રીને પતિ હોય છે. થોડા દિવસ બહાર રહેવાનું થાય ત્યારે ઘર યાદ આવ્યા કરે છે. ઘર એટલે ઘર.

અભિલાષ આવા એક સુંદર ઘરનો નિવાસી હતો. તે ઘર સુખી હતું. તેમાં માતાપિતાનું વાત્સલ્ય હતું અને ભાઈબહેનોનો પ્રેમ હતો. સમૃધ્ધિ હતી અને આનંદ હતો. કશી કમીના કે અછત ન હતાં. એ ઘર તમામ સુવિધાઓથી ભર્યું ભાદર્યું હતું. ત્યાંથી બહાર જવાનું મન થાય નહિ એવું એ ઘર હતું. ત્યાં નોકરચાકર હતા. અને પ્રતિષ્ઠિત પિતાની છત્રછાયા હતી. અભિલાષને કોઈ વાતની કશી ઓછપ ન હતી.

આવા સુંદર ઘર પ્રત્યે એક દિવસ અભિલાષને અણગમો થઈ ગયો. તેને આ ઘરમાં પોતાનું સ્વાતંત્ર્ય હણાતું હોય એવું લાગ્યું. અહીં સ્વૈરવિહારનું કોઈ સ્થાન નથી એવું માનીને અભિલાષે પાકા પાયે આ ઘરને છોડી દેવાનો નિર્ણય કર્યો.

તેણે પોતાના પિતાને કહ્યું કે, 'હવે હું પુખ્ત વયનો થઈ ગયો છું. હવે હું તમારા દબાણમાં રહેવા માગતો નથી. મારે સ્વતંત્રતા જોઈએ છે. આ ઘરની મિલકતમાં મારા ભાગની જે દોલત હોય તે મને આપી દો. હવે મારે આ ઘરમાં રહેવું નથી. મારે બહાર ચાલ્યા જવું છે. આઝાદ થઈ જવું છે.'

આ સાંભળીને પિતાને આઘાત લાગ્યો. તેમણે વહાલપૂર્વક પોતાના દીકરાને બહુ સમજાવ્યો. ઘરમાંથી બહાર જઈને રહેવાનાં જોખમો જણાવ્યાં. ઘરની છત્રછાયા ગુમાવવાથી ઊભા થનારા સંજોગો વિષે વાત કરી. અને ઘરના લોકોની લાગણીઓનો ખ્યાલ આપ્યો. પણ અભિલાષ એકનો બે થયો નહિ. તેણે જીદ કરી કે હવે વધારે માથાકૂટ કરવાની જરૂર નથી. મિલકતનો એના ફાળાનો ભાગ પોતાને આપી દેવાનો આગ્રહ કર્યો.

પિતા પર દુઃખનો ડુંગર તૂટી પડયો. વહાલસોયા દીકરાને અળગો કરવાની તેમની હિંમત ચાલતી ન હતી. પણ છૂટકો ન હતો. દીકરો ઘર છોડવાની અને માલમિલકત મેળવવાની મમતે ચડયો હતો. પુત્રના હઠાગ્રહ આગળ પિતાનું ચાલ્યું નહિ. તેમણે મિલકતના ભાગ પાડયા. એમનું હૈયું ચિરાઈ ગયું ! મિલકતનો તેનો ભાગ તેને આપી દીધો અને ઉપરથી વધારાની ધનદોલત પણ આપી. એ બધું લઈને નફ્ફટ હાસ્ય સાથે લાગણીવિહીન અભિલાષ ઘરમાંથી જતો રહ્યો. જાણે છાતી પર ભારે પથ્થર પડયો હોય એમ પિતાએ પુત્રવિરહની એ ભારે વેદના મહામુશીબતે સહન કરી. એમના અંતરે આક્રંદ કર્યું.

હવે અભિલાષને કોઈ કશું કહેનાર રહ્યું નહિ. એને રોકનાર કે ટોકનાર તેનાં કોઈ અંગત સગાં તેની પાસે ન હતાં. તે બેફામ રીતે સ્વચ્છંદી બની ગયો. ‘ઊંચું હતું અને ઊકરડે ચડયું’ એ પ્રમાણે જોઈતું હતું અને દ્રવ્ય મળ્યું. અભિલાષ લગામ વિનાના ઘોડા જેવો થઈ ગયો. તેના દિલોજાન દોસ્તોમાંના કોઈ તેની સાથે રહ્યા નહિ. હવે નવા નવા મિત્રો અને અપરિચિત જનો તેના સંબંધમાં આવ્યા. એ બધા સ્વાર્થના સંબંધીઓ અને દોસ્તદારો હતા. અભિલાષ એ સમજી શકતો ન હતો. ખાણીપીણી, જલસા અને મોજમજા પાછળ પેલી મિલકતનાં નાણાં પાણીની માફક વપરાવા લાગ્યાં. એ

નાણાંમાંથી અભિલાષે નાટકો જોયાં અને પિક્ચરો જોયાં. એણે દારૂના અડ્ડાએ બેઠકો કરી અને અસામાજિક તત્વોનો સંગ કર્યો. એણે જુગારની બાજી લગાવી અને તે ડ્રગ્સનો બંધાણી થઈ ગયો.

એમ કરતાં કરતાં પિતાના ઘેરથી તે ઘણે દૂર દૂર ચાલ્યો ગયો. પેલી બાજુ પિતા એના પરત ગૃહાગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પણ આ બાજુ અભિલાષ એના પિતાના આવાસથી જોજનો જેટલે દૂર અળગો અને અતડો થઈ ગયો હતો.

વધારાના પાણીનું આગમન ચાલુ ના હોય તો નદી, તળાવ કે કૂવાનાં પાણી ખલાસ થઈ જાય છે. એમ વધારાનાં નાણાંનું આગમન ચાલુ ના હોય તો વ્યક્તિ પાસેની મિલકત વપરાઈ જાય છે, ખૂટી જાય છે. પૂરનાં પાણી ઓસરી જાય એમ અભિલાષનો દ્રવ્યભંડાર આખરે ખાલીખમ થઈ ગયો. એની પાસેથી લેભાગુ મિત્રો જતા રહ્યા. સ્વાર્થ સાધવા આવેલા સંબંધીઓએ એની સાથેના સંબંધો બંધ કરી દીધા. અને જેમને તે પોતાના માની બેઠો હતો એવા સાથીદારો એને હાથતાળી આપીને ચાલ્યા ગયા.

અગાસીમાં એકલી પડેલી ચકલીની માફક અભિલાષ એકલો પડી ગયો. એને નાણાંની તંગી પડવા લાગી. એને ખાવાની ચીજ સામગ્રીના વખા પડવા લાગ્યા. દિવસોના દિવસો સુધી ભૂખે મરવું પડે એવો એનો વારો આવ્યો. એ ના રહ્યો ઘરનો કે ના રહ્યો ઘાટનો.

ગુજરાન ચલાવવા માટે એ એક ઘરમાં ઘરકામ કરવા રહ્યો. પણ તેના કામમાં બરકત ન હોવાથી માલિકે તેને કાઢી મૂક્યો. એનું શરીર દુર્બળ થઈ ગયું હતું. એટલે ભારે મજૂરીનું કામ તેનાથી થઈ શકે તેમ ન હતું. એક વખતનો શ્રીમંત અભિલાષ હવે ભૂખ ભાગવા માટે રસ્તે રઝળતો ભિખારી થઈ ગયો. પ્રેમ, હૂંફ અને

રક્ષણવાળું ઘર છોડીને આવેલા અભિલાષને ખાવાપાણી માટે હવે ઘેર ઘેર હાથ લાંબા કરવાનું થઈ ગયું. તેને પૂરતાં ખોરાકપાણી મળી શકતાં ન હતાં. તે ઘેરથી નીકળ્યો ત્યારે તેના પગ ઝડપથી ચાલતા હતા. એ પગ હવે ઢસરડા કરવા લાગ્યા.

અભિલાષ ભીખ માગવા માટે ઘેર ઘેર ભટકવા લાગ્યો. ત્યારે ઘેરેઘેરથી તેને જાકારો મળવા લાગ્યો. હવે તેનો કોઈ આરો રહ્યો નહિ. વખાનો માર્યો તે એક જગ્યાએ ભૂંડો ચરાવવાના કામે રહ્યો. એને ભૂંડની સાથે રહેવાનો અને ભટકવાનો વારો આવ્યો. આવું વૈતરું કરવા છતાં તેને પૂરતા પ્રમાણમાં ખાવાપાણી મળતાં ન હતાં. એક દિવસ તે વગડામાં ભૂંડો ચરાવતો હતો. ત્યાં પેલાં ભૂંડો નિરાંતે સીંગો ખાતાં હતાં. તે વખતે તેને સખત ભૂખ લાગી હતી. તેને ભૂંડોની માફક સીંગોથી પેટ ભરવાનું મન થઈ ગયું. હવે આવી ન જીરવાય એવી સ્થિતિમાં તે મુકાયો. એના ઘરમાં ઘણા નોકરોને પુષ્કળ પ્રમાણમાં ખોરાક મળતો હતો અને પોતે અહીં ભૂખે મરતો હતો. તેની આંખો ઊઘડી ગઈ. એને ભાન થયું અને બાપનું ઘર યાદ આવ્યું.

અભિલાષને એના પિતાને ઘરે જવાનું મન થઈ ગયું. એને થયું કે પિતા એને સ્વીકારશે કે નહિ ? ઘરમાં એનો આવકાર થશે કે નહિ ? કેમ કે તે મનસ્વી રીતે ઘરમાંથી નીકળી ગયો હતો. તેણે વિચાર્યું કે હું પિતાને પગે પડીશ. મારી ભૂલ કબૂલ કરીશ અને પોતાને ઘરના નોકર જેવો ગણવા પિતાને વિનંતી કરીશ.

પિતા પોતાને ઘરમાં આવકારશે કે નહિ તે જાણવા સારુ તેણે પિતાને એક પત્ર લખ્યો. તેમાં જણાવ્યું કે, 'પિતાજી, મારા વર્તન પ્રમાણે હવે ઘેર પાછા આવવાનો મારો કોઈ અધિકાર નથી. પરંતુ મારે ભૂખે મરવાનો વારો આવેલો છે એટલે હું ફલાણા દિવસે ઘેર

આવવાની ઈચ્છા રાખું છું. પિતાજી તમે મને સ્વીકારશો કે નહિ તે હું જાણી શકું તે માટે આપણા ઘરના વાડામાં આવેલા લીમડાની ટોચે તમે એક સફેદ ધજા ઊંચી કરજો. જો એ ધજા મને દૂરથી દેખાશે તો હું માનીશ કે તમે મને અપનાવવાના છો. એ ધજા નહિ દેખાય તો હું ઘેર આવવાની હિંમત કરી શકીશ નહિ. હું ભાંગી પડીશ. પિતાજી, મારી આડાઈ બદલ મને માફ કરશો.'

જણાવેલા દિવસે અભિલાષ પોતાના ગામમાં આવ્યો. ત્યાં પિતા એની રાહ જોઈ રહ્યા હતા. તેમણે આખાય ગામનાં તમામ ઝાડ પર ધોળી ધજાઓ લગાવી દીધી હતી. અવિનાશે ધજાઓ જોઈ. તેના પગમાં જોમ આવ્યું. તે ઝડપથી ચાલીને ઘેર આવ્યો. તેના પિતા બહાર દોડી આવ્યા. એને બાથમાં લઈ લીધો. એના પર વહાલનો વરસાદ વરસાવ્યો. દીકરાના ગૃહાગમનથી તે અડધા અડધા થઈ ગયા. મૃત્યુ પામેલો પુત્ર સજીવન થયો હોય એવા આનંદ સાથે પુત્રના ગૃહાગમનનો પ્રસંગ એક શાનદાર ઉત્સવની રીતે તેમણે ઊજવ્યો. અભિલાષના જવાથી ખાલી પડેલું ઘર પાછું ભર્યું ભર્યું થઈ ગયું. ઘરની ગમગીની દૂર થઈ. પિતાના આનંદનો પાર રહ્યો નહિ.

પોતાના પુત્રોના ગૃહાગમન માટે પિતા હંમેશા પ્રતીક્ષા કરી રહ્યા હોય છે ! સ્વર્ગીય ગૃહમાંથી જતાં રહેવાથી કેટલાંક સંતાનો વિખૂટાં પડી ગયેલાં છે. તેઓ પુનઃ પરત પધારે અને તેમનું ગૃહાગમન થાય તે માટે પરમપિતા પ્રભુ આવી જ પ્રતીક્ષા કરી રહ્યા છે.

†

# ૧૧ પિતરનું તેડું

(લુક ૫:૧-૧૧)

'મારાં ઘેટાંને પાળ' એવું ત્રણ વખત સૂચવીને પ્રભુ ઈસુએ પિતરને પાળક તરીકેનું મહાન આહ્‌વાન આપ્યું હતું. આ પિતર પ્રભુની કસોટીમાં પાકો પુરવાર થયો હતો. પરિણામે પૃથ્વી પરના ધર્મસંઘ એટલે કે મંડળીના સ્થાપક તરીકેની મોટી જવાબદારી પ્રભુ ઈસુએ પૂરા વિશ્વાસપૂર્વક પિતરને સોંપી હતી. એ પહેલાં પિતરે ત્રણ વખત એકરાર કર્યો હતો કે પ્રભુ હું તમારાં ઘેટાં પર પ્રેમ કરું છું.

પછી તો પ્રેમાળ પાળક તરીકે પિતરે પ્રભુનાં હલવાનોની ઉમદા જવાબદારી સંભાળી હતી.

એ પિતરની યુવાન અવસ્થાની આ વાત છે.

પિતરનો મૂળ વ્યવસાય માછલાં પકડવાનો હતો. એક રાત્રે માછીમાર પિતર પોતાના સાથીદારો સાથે માછલાં પકડવા સારુ ગન્નેસરેત સરોવરે આવ્યો હતો. એને એવી આશા હતી કે તે દિવસે પુષ્કળ માછલાં પકડાશે, ઘરની આવકમાં સારો એવો વધારો થશે અને ઘર ચલાવવામાં એ નાણાં સહાયરૂપ થશે. આનંદ અને ઉત્સાહ સાથે રાત્રિના સમયે આ સરોવરે પિતરનું આગમન થયું હતું.

ચંદ્રના અજવાળામાં અહીં પાણી ચળકતું હતું. તેમાં દરરોજની માફક તેણે જાળો નાખી. પણ જાળમાં કશું પકડાયું નહિ. તેથી તેણે ફરીથી જાળ નાખી. પણ કોણ જાણે કેમ આજે તેની જાળ

ખાલીખમ પાછી આવતી હતી. એમાં નામનુંય માછલું પકડાતું ન હતું. પિતરે પ્રયત્ન પર પ્રયત્ન કરી જોયા. પણ સરવાળે મીંડું મળ્યું. તે નિરાશ થઈ ગયો. માછલાં મળવાની આશાએ તે આગળ વધારે ઊંડાણવાળાં પાણીમાં ગયો. ત્યાં તેણે જાળ નાખી જોઈ. એ પણ નિરર્થક નીવડયું. આમ અને આમ આખી રાત તેણે માછલાં મેળવવા માટે ઉજાગરો કર્યો અને સખત પરિશ્રમ કર્યો. તેથી તે થાકીને લોથ થઈ ગયો. પરંતુ એક પણ માછલું પકડાયું નહિ. એમ અને એમ રાત્રિનો સમય પસાર થઈ ગયો. પિતરને માટે તો એ રાત્રિ એળે ગઈ. હવે નિરાશ વદને નરી હતાશા સાથે ઘેર જતાં અગાઉ તે જાળો ધોવા લાગ્યો હતો. આજે ઘેર શું લઈ જવું ? કેવી રીતે જવું ? અને ઘરનાંની આગળ શું મોં બતાવવું ? એવા પ્રશ્નો તેના વિચારમગ્ન મનમાં ઘેરાવા લાગ્યા.

આ બાજુ પ્રભાતનો સૂર્યોદય થવા લાગ્યો હતો. પૂર્વમાં પ્રકાશ પ્રજવળી રહ્યો હતો. પરંતુ પિતરના મનમાં તો નિરાશાનું અંધારું વ્યાપી ગયું હતું.

એટલામાં પ્રભાતના પ્રકાશને વધારે તેજસ્વી બનાવતો એક બનાવ બન્યો. એટલે કે ત્યાં પ્રભુ ઈસુનાં પગલાં મંડાયાં. તેમનો ઉપદેશ સાંભળવા માટે લોકોની ભીડ પડાપડી કરતી હતી. વાતાવરણમાં ચેતના આવી ગઈ હતી. આટલા બધા લોકોની વચ્ચેથી પસાર થઈને ઈસુ તો સીધા જ પિતરની હોડી પર ચડી ગાય. ઈસુના આગમનથી પિતરને આશ્ચર્ય થયું. ઈસુએ સિમોન પિતરને તેની હોડી આગળ હંકારવાનું કહ્યું. થાકેલા પિતરમાં હોશકોશ રહ્યા ન હતા. પણ ઈસુનું સાંભળતાંની સાથે જ તેનામાં સ્ફૂર્તિ પ્રગટી. તેણે હોડી હંકારી અને ઈસુએ જણાવ્યા પ્રમાણેના સ્થળે ઊભી રાખી. હોડીને પ્લેટફોર્મ બનાવીને તેમાં ઊભા રહ્યે રહ્યે ઈસુએ કિનારા પરના લોકોને ઉપદેશ સંભળાવ્યો. પિતરે પણ

પ્રભુનો ઉપદેશ સાંભળ્યો.

પછી ઈસુએ કહ્યું, 'પિતર, તું તથા તારા સાથીદારો હવે જરા આગળ ઊંડા પાણીમાં હોડીને લઈ જાઓ અને માછલાં પકડવા સારુ તમારી જાળો નાખો.'

પિતરને થયું કે હવે જાળ નાખવાનો કશો અર્થ નથી. કારણ કે આટલામાં ક્યાંય માછલાં હોય એવું લાગતું નથી અને શરીરમાં જોમ પણ રહ્યું નથી. પણ બીજી બાજુ ઈસુની આજ્ઞાને ઉથાપવાનું તેને ગમ્યું નહિ. તેણે કહ્યું, 'સ્વામી, આખી રાત અમે મહેનત કરી છે. પણ કશું હાથમાં આવ્યું નથી. એક પણ માછલું પકડાયું નથી; તો પણ તમારા કહેવાથી હું જાળો નાખું છું.'

પિતરે પ્રભુ ઈસુની આજ્ઞાનું પાલન કર્યું. તેણે સરોવરમાં હોડીને આગળ હંકારી અને જાળો નાખી. નાખેલી જાળ પાછી ખેંચતાં પિતરને તેમાં ભારે ખેંચાણ જણાયું. એ એકલો એને ખેંચી શકે એમ ન હતું. પિતર આભો બની ગયો. ઘણાં માછલાંનો જથ્થો ઘેરાઈ ગયો છે એવું જાણીને તેના આનંદનો પાર રહ્યો નહિ. તેના હાથ પગમાં જોર આવ્યું. પુષ્કળ માછલાંને પરિણામે તેની જાળો તૂટવા લાગી. તેણે પોતાના બીજા ભાગીદારોને બોલાવ્યા અને પકડાયેલાં માછલાં એકઠાં કર્યાં. તો પેલી હોડી સહિત બધી હોડીઓ માછલાંથી ભરાઈ ગઈ. પિતર રાજી રાજી થઈ ગયો. રાત પર્યંત રુદન રહ્યું હતું પણ સવારે હર્ષાનંદ થઈ ગયો. હોડીમાં નર્યાં માછલાં જ માછલાં થઈ ગયાં.

ઈસુએ ભારે ચમત્કાર કર્યો હોય એવું પિતરને લાગ્યું. એ ચમત્કાર જેવું કૃત્ય જોઈને પિતર સમજી ગયો કે ઈસુ તો પ્રભુ છે. તે પ્રભુ ઈસુને પગે પડયો અને બોલ્યો કે પ્રભુ, હું તો પાપી માણસ છું. તમે મારી પાસેથી આઘે જાઓ.

માછલાંનો જે જથ્થો પકડાયો હતો તે જોઈને પિતરના સાથીદારોને પણ નવાઈ લાગી. આ સાથીદારોમાં ઝબદી નામે એક જાણીતા માછીમારના બે દીકરાઓ હતા. તેમનાં નામ યાકોબ અને યોહાન હતાં.

પ્રભુનું આ પરાક્રમ જોઈને તથા તેમણે પોતાને બોલાવ્યો હતો એ યાદ રાખીને પિતરનું મન પ્રભુ ઈસુએ ઉપદેશેલી સ્વર્ગીય વાતો તરફ વળી ગયું. ક્યાં આખી રાતની નિરર્થક મથામણ અને ક્યાં સવારના પહોરમાં પકડાયેલાં માછલાંનો ઢગલો ? ક્યાં રાત્રિનું રુદન અને ક્યાં પ્રભાતનો હર્ષાનંદ ? પ્રભુ સિવાય સરોવરમાં આ માછલાં કોણ જોઈ શકે ? પિતરને જણાયું કે પ્રભુ ઈસુ ખરેખર મહાન દીર્ઘદષ્ટા છે. તેને આશ્ચર્ય સાથે થોડી બીક પણ લાગી. પછી ઈસુએ કહ્યું કે, તું ગભરાઈશ નહિ. તારે માછલાં પકડવાનાં નથી. કેમ કે હવે પછી તારે માછલાંને બદલે આ દુનિયારૂપી સાગરમાંથી માણસોના પકડનાર થવાનું છે. તારે મનુષ્યના માછી બનવાનું છે.

હવે તો પિતર માનસિક રીતે તૈયાર થઈ ગયો હતો. તેણે પ્રભુનો અને પ્રભુએ આપેલા તેડાનો સ્વીકાર કર્યો. માછલાં, હોડીઓ અને બીજું બધું મૂકી દઈને પિતર તથા તેના સાથીદારો ઈસુની પાછળ ચાલી નીકળ્યા અને માનવોના માછી બની ગયા. ત્યારથી પિતર પ્રભુ ઈસુના તેડાને આધીન થઈને વિશ્વાસુ થઈ ગયો અને માણસોને પકડનાર બની ગયો. પછી તો પ્રભુને ખાતર તેણે પાર વગરનાં માણસોને પકડયાં.

†

# ૧૨ પથ્થરમારો

*(પ્રેરિતોનાં કૃત્યો ૬:૮-૧૫)*

જળનો વરસાદ ભૂમિને શીતળ બનાવે છે. પણ આજે તો ચોગમથી પથ્થરોનો વરસાદ વરસી રહ્યો હતો. તેમાં જીવન અને મરણની વચ્ચે તે ઝોલાં ખાઈ રહ્યો હતો. અનેક વૈરીઓની વચ્ચે એ અડીખમ યોધ્ધાની માફક ઝઝૂમી રહ્યો હતો. આજે તેણે પોતાના પ્રવચનમાં સાચા જીવનની સચોટ વાતો સંભળાવી હતી. એના પરિણામ સ્વરૂપે તેને પથ્થરનો માર સહન કરવો પડયો હતો. આખરે પથ્થરમારાથી બેહોશ થઈને તે ઢળી પડયો. તે વખતે તેનું મુખ સ્વર્ગના દૂતના ચહેરાની માફક ઝગારા મારી રહ્યું હતું.

બેહોશ થઈને ઢળી પડેલા એ સંતનું નામ સ્તેફન હતું. એ પ્રભુ ઈસુનો શિષ્ય હતો. તેનું જીવન પવિત્ર આત્માથી ભરપૂર હતું.

જ્યારે શિષ્યોની સંખ્યા વધતી જતી હતી ત્યારે ભોજન પીરસવાની સેવા માટે સાત સેવકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાંનો એક સેવક આ સ્તેફન હતો. તે જ્ઞાન અને આત્માથી સભર વાણી ઉચ્ચારતો હતો. એની વાણી લોકોનાં હૃદયોને ખળભળાવી મૂકતી હતી. શાસ્ત્રની સમજ અને વાદવિવાદમાં તેની સામે કોઈ ટક્કર ઝીલી શકે એમ ન હતું.

આજે પોતાના વકતવ્યમાં તેણે સ્પષ્ટ, ધારદાર અને હૃદય સોંસરી ઊતરી જાય એવી વાણી સંભળાવી હતી. એ વાણીનો આવેગ વિરોધીઓથી સહન થઈ શક્યો ન હતો. તેથી તેમણે સ્તેફન

પર આરોપ મૂક્યો કે તે ઈશ્વરની વિરુધ્ધ દુર્ભાષણ કરે છે. એના સમર્થનમાં તેમણે જૂઠા સાક્ષીઓ ઊભા કર્યા હતા અને તેના વિરોધીઓ તેને પકડીને ન્યાયસભા સમક્ષ લાવ્યા હતા.

સભામાં કેટલાક સાક્ષીઓને સ્તેફનની સામે જૂઠી સાક્ષી પૂરવી પડી હતી. તેથી એવા સાક્ષીઓનાં મુખ શરમિંદા જણાતાં હતાં. પરંતુ સ્તેફનનો ચળકતો ચહેરો સ્વર્ગીય ફિરસ્તાના ચહેરા જેવો શોભી રહ્યો હતો.

સભામાં પ્રમુખ યાજકે સ્તેફન સામેનું આરોપનામું જાહેર કર્યું. પછી એ વિષે તહોમતદાર સ્તેફનને પોતાનું બ્યાન રજૂ કરવા જણાવ્યું. ત્યારે સ્તેફને અબ્રાહામથી માંડીને ઈસુ સુધીના ઈતિહાસ અને શાસ્ત્રમાં દર્શાવેલી સળંગ વાતો સંભળાવી. એણે ઈસુને પરસ્વાધીન કરવાના અને તેમનું ખૂન કરવાના ગુના માટે લોકોને જવાબદાર ગણાવ્યા. એ લોકો એ સભામાં ઉપસ્થિત હતા. સ્તેફનની જુબાની સાંભળીને તેમનાં મન ઊકળી ઊઠયાં અને હૃદયો વીંધાઈ ગયાં. તેઓ સ્તેફન પર ગુસ્સે ભરાયા.

લોકો બૂમો પાડવા લાગ્યા કે 'અમને ખૂની ગણાવનાર આ કોણ છે ? નિયમશાસ્ત્રની વિરુદ્ધ દુર્ભાષણ કરનાર આ કયો માણસ છે ? સ્તેફનની એવી તે શી મગદૂર છે કે આપણા પૂર્વજોને પણ તે ગુનામાં સંડોવવાની હિંમત કરે છે ?' લોકો સ્તેફન સામે ઝનૂની બની ગયા. નિયમને પાળવાની વાતો કરનારા માણસો નિયમભંગ કરવા માટે અધીરા થઈ ગયા.

એટલામાં સ્તેફનની સન્મુખ પ્રભુ ઈસુ પોતે ઉપસ્થિત થયા. તેમનાં દર્શનથી સ્તેફનના ઢીલા પડી ગયેલા ચહેરા પર સ્મિત ફરક્યું. તેના ચહેરાનું સ્વરૂપ બદલાઈ ગયું. તેણે પોતાની જુબાની લંબાવી. અને પોતાને થયેલું દર્શન જાહેર કરતાં જણાવ્યું કે,

'ભાઈઓ, આકાશનાં દ્વારો ઊઘડી ગયેલાં છે અને ઈશ્વરપિતાના જમણા હાથે બિરાજમાન થયેલા પ્રભુ ઈસુનાં દર્શન હું કરી રહ્યો છું.'

બળતામાં ઘી હોમાયું. દુર્ભાષણ સાબિત થઈ ગયું. કારણ કે સ્તેફન સિવાય બીજા કોઈ માણસો ઈસુને જોઈ શકતા ન હતા. મનમાં જેઓ શુધ્ધ હોય તે જ ઈશ્વરને જોઈ શકે ને ?

સત્યસંદેશો સહન કરી શકતા ન હોવાને લીધે ઝનૂનીઓ વધારે ઝનૂની બન્યા. તેમણે પોતાના કાનના પડદા બંધ કરી દીધા. પછી તેઓ એકસામટા ધસી આવ્યા અને સ્તેફનને પકડીને તેને શહેર બહાર ઘસડી ગયા. તેઓના હાથમાં નિયમશાસ્ત્ર હોવું જોઈએ. પણ એના બદલે એ હાથોમાં તેમણે મોટા પાસાદાર પથ્થરો ઉઠાવ્યા. તેઓ એ પથ્થરો વડે સ્તેફનને મારવા અધીરા બની ગયા.

'ઈસુ...' સ્તેફનના મુખે ફરીથી ઉચ્ચાર કર્યો. ફરી પાછું એ નામ સાંભળીને પથ્થરમારો શરૂ થયો. એકસામટા અનેક પથ્થરો સ્તેફનના મુખ તરફ ધસી આવ્યા. ઘા પડવાથી લોહી નીકળીને વહી જવાને લીધે તેનો ચહેરો રક્તરંગી બની ગયો. પથ્થરમારાને પરિણામે તેના શરીરમાંથી લોહીના રેલા વહેવા લાગ્યા. તો પણ રુધિર વડે રંગાયેલા સ્તેફનના મુખે વિરોધીઓ માટે વિનંતી કરી કે, 'ઓ પ્રભુ ઈસુ, તમે મારા આત્માનો અંગીકાર કરો. વળી, મને મારનારાઓના માથે આ દોષ મૂકશો નહિ.'

સ્તેફને વિરોધીઓ પ્રત્યે વેરવૃત્તિ રાખી નહિ. મારનારાઓ માટે તેણે પ્રભુ પાસે માફીની યાચના કરી. વિજયવંત ખ્રિસ્તી જીવન જીવતાં જીવતાં તે શાંતિથી મૃત્યુ રૂપી નિદ્રાને આધીન થઈ ગયો. રક્તમાં રગદોળાયેલા પથ્થરોની વચ્ચે તે પોતે પણ મંડળીના પાયાનો અડીખમ પથ્થર બની ગયો.

પોતાને દુશ્મન માનનારાઓ માટે ક્ષમાની યાચના કરનારો વીર સ્તેફન ખ્રિસ્તી મંડળીનો સૌપ્રથમ શહીદ થઈ ગયો.

†

# ૧૩ નવા પગનું નૃત્ય

*(પ્રેરિતોનાં કૃત્ય ૩:૧-૧૦)*

‘અમારી તરફ જો.’ મંદિરમાં જઈ રહેલા બે ભક્તોમાંના એકે કહ્યું.

કંઈ પામવાની આશાએ બેઠેલા માણસે બોલનારની તરફ નજર કરી. આ માણસ અહીં પ્રભુમંદિરના ‘સુંદર’ નામના પ્રવેશદ્વાર પાસે દરરોજ નિયમિત રીતે બેસતો હતો. તે ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. મંદિરમાં આવતા અને પ્રાર્થના કરીને મંદિરમાંથી પાછા વળતા લોકોની ચાલને તે પારખી કાઢતો હતો. લાંબા ઝભ્ભા પહેરીને મંદિરમાં જતા યાજકોને અને સામાન્ય પોષાક પહેરેલા સેવકોને તે સારી રીતે ઓળખતો હતો. ભક્તિનો દંભ કરનારને કળી જઈને તેમની સામે તે ઉપેક્ષિત ભાવથી જોતો હતો અને દીનદુઃખિયાં પ્રત્યે હમદર્દી દર્શાવનારની આંખોમાં તે આંખ મેળવતો હતો.

‘અમારી તરફ જો’ એ અવાજ સાંભળીને તેણે અવાજની દિશામાં નજર કરી. બોલનારની આંખમાં આંખ પરોવી. તેને ઊભા થઈ જવાનું મન થયું. બોલનારની પાસે જઈને શિર ઝુકાવવાની ઇચ્છા તેને થઈ. પણ એનાથી ઊભા થઈ શકાય કે ચાલી શકાય તેમ ન હતું. એટલે તે બેસી રહ્યો અને બેઠો બેઠો બંને ભક્તોને જોઈ રહ્યો. તે જન્મથી જ પગે અપંગ હતો. ભીખ માગવા માટે તેણે સાનુકૂળ જગ્યા પસંદ કરેલી હતી અને મંદિરના પ્રવેશદ્વાર આગળ તેણે પોતાની બેઠક જમાવેલી હતી.

મંદિરમાં ધાર્મિક વૃત્તિવાળા અને ધાર્મિકતાનો દેખાવ કરનારા એમ બંને પ્રકારના લોકો આવતા હતા. અહીં આવનારા ઘણા ખરા માણસો ગરીબો પ્રત્યે અમી ભરેલી દષ્ટિ રાખનારા હતા અને તેઓ યાચકોની માગણી સંતોષનારા હતા. પણ આજના દિવસે તો અત્યાર સુધીમાં આ અપંગ ભિખારીને કોઈની પાસેથી કશું મળ્યું ન હતું.

દરરોજની માફક આજે પણ તેના મિત્રો તેને ઊંચકીને અહીં લઈ આવ્યા હતા. કંઈ મળશે એવી આશામાં ને આશામાં બપોર સુધીનો સમય વીતી ગયો હતો. સૂરજ માથે આવીને પાછો વળતો જણાવા લાગ્યો હતો. ત્યાં સુધીમાં તો તેને માત્ર નિરાશા સિવાય બીજું કશું જ મળ્યું ન હતું. તેની શ્રધ્ધા ફળી ન હતી. 'અહીં મૂકી જનારા મિત્રો પોતાને પાછો લઈ જવા માટે હમણાં આવશે ત્યારે ખાલી હાથે પાછા વળવું પડશે' એવો વિચાર આવતાં તે ખિન્ન થઈ ગયો હતો. એટલામાં ત્રણ વાગ્યાનો સમય થયો. એ મંદિરની ભજનસેવા શરૂ થવાનો સમય હતો. મંદિરનો ઘંટ વાગ્યો. એ મીઠા ઘંટારવની સાથે જ આ વહાલભર્યો અવાજ પણ સંભળાયો કે, 'અમારી તરફ જો.' એ સાંભળીને તેના વિચારોમાં પલટો આવ્યો.

'અમારી તરફ જો.' એવું કહેનારા એ બે ભક્તો પ્રભુ ઈસુના અનુયાયી હતા. તેમાંના એકનું નામ પિતર અને બીજાનું નામ યોહાન હતું. તેઓની એ વાણી સાંભળતાં તેમની પાસેથી કશું મળશે એવી આશા તેને ઊપજી. તેથી એ અસહાય અપંગ માણસે પોતાના હાથ લંબાવ્યા.

પિતર કે યોહાન એ બેમાંથી કોઈએ પોતાના ખિસ્સામાં હાથ નાખીને પૈસા કાઢવાની હિલચાલ કરી નહિ. તેથી એ ભિખારી ફરી પાછો નિરાશ થઈ ગયો. પરાણે ઊંચાનીચા કરેલા એના નિર્બળ

પગ પાછા પડી ગયા અને લંબાવેલા હાથ પાછા ટૂંકા થઈ ગયા.

પિતરે એની સામે જોઈ રહીને કહ્યું કે, 'સોનુંરૂપું તો અમારી પાસે નથી.' પેલો માણસ વધારે હતોત્સાહ થઈ ગયો. તેની રહી સહી આશા પણ નષ્ટ થઈ ગઈ. પિતરે ફરી પાછો વાતનો દોર લંબાવ્યો, 'મારી પાસે જે કંઈ છે તે હું તને આપું છું.'

અપંગ ભિખારી આશ્ચર્ય પામ્યો. કંઈક મળવાની શ્રધ્ધા જન્મી. કશું પ્રાપ્ત થશે એવાં એંધાણ તેને વર્તાયાં. એને થયું કે 'શું મળશે ? આ પ્રભુજન શું આપશે ? કેટલા પૈસા આપશે ?'

પિતરે પોતાનો હાથ લંબાવ્યો. એ હાથ વડે તેણે અપંગ માણસનો જમણો હાથ પકડયો. એ અપંગના હાથમાં ઝણઝણાટી થઈ. તેના શરીરમાં જાણે ઈશ્વરના સામર્થ્યનો સંચાર થયો હોય એવી સંવેદના તેણે અનુભવી.

પિતરે અધૂરું કથન પૂરું કરતાં કહ્યું કે, 'ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા.' પછી પોતાનો હાથ દઈને તેને ઊભો કર્યો. સુવર્ણ કરતાં અધિક મૂલ્યવાળાં વચનો સાંભળીને તેના પગમાં ચેતન સળવળ્યું. તેના પગ થનગની ઊઠયા. બીજી જ પળે તે ઊભો થઈ ગયો. પછી તે કૂદવા લાગ્યો. જાણે તેને નવા પગ આવી ગયા! હવે તે અપંગ રહ્યો ન હતો. નવા પગોથી તે નાચવા લાગ્યો. તેને ખાતરી થઈ કે ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી મને નવા પગ મળ્યા છે. તે સમજ્યો કે મને નવા પગ અપાવનારા અને એ નવા પગોથી નૃત્ય કરાવનારા આ બંને ભક્તો સામાન્ય પ્રકારના માણસો નથી. તેઓ તો પ્રભુ ઈસુના શિષ્યો છે અને સેવાભાવી સંતો છે.

પેલો માણસ હવે પંગુને બદલે પૂર્ણાંગી બની ગયો. તેના પગમાં આવેલા સંચારબળને પરિણામે હવે તે નવા પગોથી નૃત્ય કરતાં કરતાં ચાલવા લાગ્યો અને દોડવા લાગ્યો. પેલા સંતોની

સાથે તે પોતાના ચરણોથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં પેલા 'સુંદર' પ્રવેશદ્વારમાં થઈને તેણે પ્રભુમંદિરમાં પ્રવેશ કર્યો. ઘણાં વરસો પછી આજે પ્રથમ વાર તે પ્રભુની આગળ ઘૂંટણે પડયો. તેણે જાહેરમાં પ્રભુનાં ગુણગાન ગાયાં અને નવા પગ માટે પ્રભુનો આભાર માન્યો.

'આ પેલો અપંગ ભિખારી જ છે ને ?' 'મંદિરના દરવાજા આગળ હાથ લંબાવીને ભીખ માગવા માટે બેસી રહેતો હતો એ જ લાગે છે !' 'એના પગ તો સુકાઈને લાકડા જેવા થઈ ગયેલા હતા.' 'એ ચાલતો કેવી રીતે થયો ?' 'અરે એ તો નૃત્ય પણ કરે છે !' 'આ તો ચમત્કાર કહેવાય !' મંદિરમાં આવેલા ભજનિકો તેને જોઈને આશ્ચર્યચકિત થઈને વાતો કરવા લાગ્યા હતા.

નવા પગે નૃત્ય કરતા એ માણસને જોવા માટે મંદિરમાં શલોમોનની પરસાળના નામે ઓળખાતી જગ્યાએ લોકોની ભીડ ભેગી થઈ ગઈ. એ અપંગ માણસને પગ પામેલો જોઈને લોકો ખૂબ નવાઈ પામ્યા. તેઓની વિસ્મયતાને ટાળવા માટે પિતરે કહ્યું કે, 'આ માણસ અમારા સામર્થ્યથી કે ધાર્મિકતાથી ચાલતો થયો નથી. પ્રભુ ઈસુના નામ ઉપરના તેના વિશ્વાસને લીધે તેના પગમાં સામર્થ્ય આવ્યું છે. એ જ કારણને લીધે તમારી સૌની આગળ તેને આ સંપૂર્ણ સ્વાસ્થ્ય બક્ષવામાં આવ્યું છે. ઈસુ નાઝારીએ તેને ચાલતો કરેલો છે. એને સોનુંરૂપું નહિ પણ સામર્થ્ય પ્રાપ્ત થયું છે.'

પછી મંદિરના પ્રવેશદ્વારની બહાર બેસી રહેનારા એ ભિખારીનું પરિવર્તન થઈ ગયું. ત્યાર બાદ તે પગ વાળીને બેસી રહેતો ન હતો. દરરોજ તે મંદિરમાં જતો હતો અને આરાધના કરતાં પરમેશ્વરની સમક્ષ નવા પગોથી નૃત્ય કરતો હતો. તેને જોવા માટે મંદિરની પરસાળમાં ભીડ જામતી હતી.

લોકો તેના નવા પગનું નૃત્ય જોતા હતા. ઈશ્વરનાં આશ્ચર્યકારક કૃત્યનું સ્મરણ કરતા હતા અને પ્રભુને મંદિરમાં માન તથા મહિમા આપતા હતા.

†

# ૧૪ અડધી રાતે આરાધના

*(પ્રેષિતોનાં કૃત્ય ૧૬:૧૯-૩૪)*

ઈશ્વરની આરાધના ગમે તે સ્થળે અને ગમે તે પ્રસંગે કરી શકાય. પણ જેલમાં તો એવું જવલ્લે જ બને. તેમાંય વળી અડધી રાતે આરાધના કરનારા વીરલા તો આંગળીને વેઢે ગણી શકાય એટલા ઓછા હોય છે.

ફિલિપ્પી શહેરના જેલખાનાની આ વાત છે. ત્યાં પ્રભુના બે સેવકોએ કેદીની સ્થિતિમાં અડધી રાતે આરાધના કરી. પ્રભુની પ્રાર્થના કર્યા પછી તેમણે સ્તવનો ગાવા માંડયાં. સાથી કેદીઓ પણ તેમની સાથે પ્રભુભજનમાં જોડાઈ ગયા. ત્યાં ભજનની રમઝટ ચાલી. સચ્ચાઈથી તથા આત્માથી પ્રભુની ભક્તિ થવા લાગી. જેલનું ગર્ભદ્વાર જાણે પ્રભુમંદિરનું પરમ પવિત્ર સ્થાન હોય એવું બની ગયું. ત્યાં કેદીઓને એવું લાગ્યું કે તેઓ પોતે જેલખાનામાં નહિ પણ પ્રભુમંદિરમાં હાજર છે.

પ્રભુ ઈસુની આરાધના કરી રહેલા આ કેદીઓમાં પાઉલ અને સિલાસ નામના બે પ્રભુભક્તો મુખ્ય હતા. ધર્મપ્રવર્તક મુસાફરીમાં આગળ વધતાં તેઓ ગ્રીસમાં આવ્યા હતા. ત્યાં તેઓ મકદોનિયાના મુખ્ય શહેર ફિલિપ્પીમાં આવી પહોંચ્યા. અહીં તેઓએ ઈસુનો શુભસંદેશ સંભળાવ્યો અને પ્રાર્થનાગૃહે જઈને નિયમશાસ્ત્રની વાતો સમજાવી.

અહીં અશુધ્ધ આત્મા વળગેલી એક છોકરી હતી. તે પેલા અશુધ્ધ આત્મા દ્વારા ભવિષ્યકથન કરતી હતી. એ કામ દ્વારા તે

પોતાના માલિકોને પુષ્કળ ધન કમાવી આપતી હતી. એ છોકરીના શરીરમાંથી પાઉલ અને સિલાસે પેલા અશુધ્ધ આત્માને કાઢી મૂક્યો. તેથી માલિકો ગુસ્સે થઈ ગયા. તેઓએ તેમને પકડી લીધા. પછી તેમને ન્યાયાધીશ પાસે લઈ જઈને ફરિયાદ કરી કે આ યહૂદીઓ આપણા શહેરમાં ધમાલ મચાવે છે.

તમાસાને તેડું ના હોય. પાઉલ અને સિલાસની વિરુધ્ધમાં લોકોનાં ટોળેટોળાં ભેગાં થયાં. ન્યાયાધીશોએ તેમને ફટકા મારવાનો અને જેલમાં પૂરવાનો હુકમ કર્યો. લોકોને એ જ જોઈતું હતું. તેમણે શુભ ઉપદેશનો બદલો અપજશથી આપ્યો ! બંને સુવાર્તિકોના ખુલ્લા બરડા પર ફટકા મારવામાં આવ્યા. તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ત્યાં જેલરે તેમના પર કડક જાપતો રાખ્યો. તેમને અંદરની ઓરડીમાં પૂરી દીધા. તેઓ આઘાપાછા થઈ શકે નહિ તે માટે તેમના પગ હેડમાં બાંધી દીધા. વળી જેલના તોતિંગ દરવાજા બંધ કરી દીધા અને દરવાજે મોટાં તાળાં મારી દીધાં.

ભલે જેલ હોય કે મહેલ હોય. સ્થળ ગમે તે હોય પણ સંતો તો સંતો જ રહે છે. સ્તુતિ તેઓનું લક્ષણ હોય છે અને પ્રાર્થના તેમનો પ્રાણ હોય છે. બંને પ્રભુભક્તોને ઘર અને બહાર, જેલ અને મહેલ સરખાં જ હતાં. અહીં જેલમાં મધ્ય રાત્રિએ નીરવ શાંતિ હતી. બહાર તમરાં બોલતાં હતાં. ત્યારે પાઉલ અને સિલાસે આરાધનાના આલાપો છેડયા હતા. કર્ણમધુર સ્તવનના સૂરોએ વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. જંજીરો અને બેડીઓથી બંધાયેલા બીજા કેદીઓ એ સાંભળીને બંને ભક્તોની પાસે આવીને તેમની સાથે સામેલ થઈ ગયા. જેલમાં કલ્પાંત અને કાગારોળ હોય છે. તેને બદલે અહીં ભક્તિભજનનું આનંદી વાતાવરણ સર્જાઇ ગયું હતું.

સંતો સ્તુતિમાં મશગૂલ હતા. એવામાં પરમેશ્વરે એકાએક ભારે પરાક્રમ સરજ્યું. મોટો ધરતીકંપ થયો. જેલના પાયા હચમચી ગયા. તોતિંગ દરવાજાનાં મજબૂત તાળાં તૂટી ગયાં. તેની સાથે તમામ દરવાજા ઊઘડી ગયા. કેદીઓના હાથ પરની બેડીઓ અને શરીર પરની સાંકળો તૂટીને સરી પડી. બેબાકળો થઈને જેલર સફાળો જાગી ઊઠયો. એને થયું કે ઊઘડી ગયેલા દરવાજા અને અંધારાનો લાભ લઈને કેદીઓ પલાયન થઈ ગયા હશે. હવે મારું આવી બનશે. મારી નોકરી જશે. મારે જેલમાં જવું પડશે અને મારું કુટુંબ રઝળી પડશે. આવું થાય એના કરતાં જીવનનો અંત લાવી દેવો એ બહેતર છે. તેથી તેણે આત્મહત્યા કરી દેવા માટે પોતાના ઉપર તલવાર ઉગામી. સંત પાઉલના જોવામાં એ આવ્યું. તેથી પાઉલે તેને અટકાવતાં કહ્યું કે, 'અમે કોઈ નાસી ગયા નથી. તું આપઘાત કરીશ નહિ.'

ગભરાયેલો જેલર નવાઈ પામ્યો. તેના જોવામાં આવ્યું કે પાઉલ અને સિલાસ એ બંને કેદીઓ જેલમાંથી નાસી છૂટયા નથી. તેમની પ્રામાણિકતા અને વફાદારી જોઈને તે પ્રભાવિત થઈ ગયો. તેણે ફાનસ મંગાવ્યું અને તે ઓરડીમાં ગયો. ત્યાં જઈને તેણે બંને સંતોના જખમ ધોયા અને તેઓને પગે પડયો. પછી તેઓને પૂછયું કે, 'સાહેબો, તારણ પામવા માટે મારે શું કરવું જોઈએ ?' તેઓએ ઉપદેશ આપ્યો કે, 'પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર એટલે તું અને તારા ઘરનાં માણસો તારણ પામશો.'

એ ઉપદેશને પરિણામે જેલર અને તેનાં કુટુંબીજનોએ ઈસુનો સ્વીકાર કર્યો. જેલ રૂપી પ્રભુમંદિરમાં આરાધના પછી બાપ્તિસ્માનો પવિત્ર વિધિ યોજાયો. જેલર અને તેનાં કુટુંબીઓએ પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા લીધું. તેઓ સંત પાઉલ અને સિલાસની માફક ઈસુના અનુયાયીઓ બની ગયાં. મધ્યરાત્રિના અંધારને બદલે

પવિત્રતાનો પ્રકાશ ફેલાઇ ગયો.

જેલમાં અડધી રાત્રે આરાધનાનું પરિણામ અજાયબ જેવું આવ્યું. ત્યાં પ્રભુનો મહિમા થયો.

4BGV2

## લેખકનાં અન્ય પુસ્તકો

- ❖ યુસફ - સંકટોનો સામનો કરનાર
- ❖ મુક્તિને માર્ગે (ઈસુ જીવનકથા) પદ્યમાં
- ❖ જીવનને જીવી જાણનારા
- ❖ મેરીનું બાઈબલ (ત્રિઅંકી નાટક)
- ❖ જોસફ વાન સોમરન ટેલર (મિશનરીનું જીવનચરિત્ર)
- ❖ છુટકારો (**Here is Freedom**નો અનુવાદ )
- ❖ ડેવિડ બાઉમન (મિશનરીનું જીવનચરિત્ર)
- ❖ એક કેદીની કથની (**Prisoner's Dairy**નો અનુવાદ )
- ❖ પ્રભુના દાસાનુદાસ (શ્રી.એમ.એમ.દાસનું જીવનચરિત્ર)
- ❖ મહિલા કથાનકો

### આગામી પુસ્તકો

- ❖ ડેમોલ - પ્રથમના ખ્રિસ્તી પરિવારોનો ઈતિહાસ
- ❖ જીવનને ઉજાળનારા
- ❖ ગાયનના ઉદ્દગાર (ગીતસંગ્રહ)